Vol. LV] THURSDAY, SEPTEMBER 18, 2014/BHADRA 27, 1936 [No. 38

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દાહોદની કચેરી,

જિલ્લા સેવા સદન દાહોદ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ -૩૭(૧) અન્વયેનો હુકમ

ક્રમાંક : મજસ/વિ.સ.પે. ચુંટણી/વશી ૧ થી ૧૦ અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. આ ચુંટણી દરમ્યાન સંબંધિત વિધાનસભા મતવિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે, તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી હું **કે. જે. બોર્ડર GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ** ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, **સંબંધિત વિધાનસભા મતવિસ્તારમાં તા.૨૦-૦૮-૨૦૧૪ થી ચુંટણી પ્રક્રિયા પુર્ણ ન થાય ત્યાં સુધી** નીચેના કૃત્યો કરવાં નહીં.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરો, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ ફરવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી, અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પુકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી, ટોળામાં ફરવું નહીં.

(ઘ) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની મનાઈ છે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગું પડશે નહીં.

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથીયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને

(૩) પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીશ્રીઓએ જે તે શારીરિક અશક્તિના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિને.

(૪) વ્યક્તિગત કામ માટે જતાં અધિકૃત પરવાનેદારોને લાગું પડશે નહી પરંતુ આવા પરવાનેદાર હથિયાર સાથે કોઈપણ રાજકીય પક્ષના દેખાવોમાં ભાગ લઈ શકશે નહી કે હથિયાર ધારણ કરી મદદ કરી શકશે નહિ.

(૫) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને.

-: શિક્ષા :-

આ જાહેરનામું ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(૧) તથા ભારતીય દંડ સહિતા ૧૯૬૦ ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલ મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજ તારીખ ૨૦-૦૮-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી આપ્યો.

તા. ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪

કે. જે. બોર્ડર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દાહોદ.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દાહોદની કચેરી,

જિલ્લા સેવા સદન દાહોદ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

હુકમ

ક્રમાંકઃ-**મજસ/વિધાનસભા પેટા ચૂંટણી/વશી ૧૧ થી ૨૧/૨૦૧૪.**- અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. જેથી રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તથા તેમના ટેકેદારો તરફથી ચૂંટણી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવશે. પ્રચાર ઝુંબેશ અનુસંધાને ઉમેદવારોવાર તેમના કાર્યકરો દ્વારા જાહેર તથા ખાનગી મિલ્કત માલિકોની લેખિત પૂર્વ પરવાનગી લીધા વગર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાનીઓ કે આકૃતિઓ, પક્ષના પ્રતિકો કે ઉમેદવારોને ફાળવેલા પ્રતિકો ચીતરીને વગેરે દ્વારા સાર્વજનિક અને ખાનગી માલીકીના મકાનોની દિવાલો બગાડે નહી તે માટે ભારતીય નિર્વાચન આયોગ દ્વારા રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે બહાર પાડવામાં આવેલ આચાર સંહિતા મુજબ કોઈ રાજકીય પક્ષો અથવા ઉમેદવારો પોતાના કાર્યકરને મકાનો, તાર કે વિજળીના થાંભલાઓ, વાહનો ઉપર ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસ ચોંટાડવા, સુત્રો કે ઉમેદવારોને ફાળવેલ નિશાનોના પ્રતિકો લખવા વગેરે માટે લેખિત અને પૂર્વ પરવાનગી વિના કોઈપણ વ્યક્તિની જમીન મકાન, કમ્પાઉન્ડ દિવાલ, જાહેર રોડ, રસ્તા વગેરેનો ઉપયોગ કરવા દેશે નહીં તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

ચૂંટણી પંચે જાહેર કરેલ આચાર સંહિતાનો અમલ કરાવવા અને લોકોની તેમજ માલ મિલકતને થતી હાની, બગાડ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું **કે. જે. બોર્ડર** GAS, **અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ** આ હુકમથી કોઈપણ વ્યક્તિ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવારો અને તેઓના કાર્યકરોને અથવા તેમના ધ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિ, સંસ્થા કે પેઢી વિગેરેને ફરમાવું છું કે, સબંધિત જાહેર મિલકત અને ખાનગી માલીકોની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના જાહેર અથવા ખાનગી મિલકત ઉપર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાનો ચીતરીને દિવાલો બગાડવી નહી. તેમજ કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર પોતાના કાર્યકરોને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સુત્રો લખવા અથવા અન્ય કોઈપણ રીતે જાહેર અથવા ખાનગી મિલ્કત બગડે તેવી રીતે ચૂંટણી પ્રચાર કરવા વગેરે માટે માલીકની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના કોઈપણ વ્યક્તિની જમીન/મકાન, કમ્પાઉન્ડ, દિવાલ, વાહનો, રોડ, રસ્તા વગેરેનો ઉપયોગ કરવો નહીં કે બગાડવા નહીં.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગમાં મિલ્કત જેવી કે ધોરી માર્ગ, શેરી ગલી, ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, ધોરી માર્ગ ઉપરના માઈલ સ્ટોન, રેલ્વે ફાટક ઉપર ચેતવણી રૂપ નોટીસ, રેલ્વે પ્લેટફોર્મ, બસ, વાહન, ટર્મીનલના નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડ સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ ઈસ્યુ કર્યા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે, તેમજ આ હુકમ ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગ વિસ્તાર પુરતો લાગુ પડશે, જેની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ ૨૦-૦૮-૨૦૧૪ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

તા. ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪.

કે. જે. બોર્ડર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દાહોદ.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દાહોદની કચેરી,
જિલ્લા સેવા સદન દાહોદ
ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

હુકમ

ક્રમાંકઃ-**મસજ/વિધાનસભા પેટા ચૂંટણી/વશી ૨૨ થી ૩૨/૨૦૧૪.**- અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. જેથી ચુંટણી પ્રચારના અભિયાન રૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ચુંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. આ હેતુ માટે તેઓ ધ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર હોય ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટની સંમતિથી બીજા કોઈ વ્યક્તિ, કાર્યકર, ટેકેદાર ધ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તથા ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે સાચી ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેવા સંભવ હોય ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના રહે તેમજ સુલેહશાંતિ ભંગ થવા સંભવ હોઈ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો ઈષ્ટ જણાય છે.

જેથી **હું કે. જે. બોર્ડર GAS., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, કોઈપણ વ્યક્તિ, સંસ્થા, ચૂંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઇપણ વ્યક્તિ દ્વારા કોઇપણ ઉમેદવારના ચૂંટણીના કામે વાહનોનો સંબંધિત વિધાનસભા મતદાર વિભાગમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સબંધિત વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે, અને રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રીન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઇ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન વિધાનસભા મતદાર વિભાગના ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. તથા વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી પાસે પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોના ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય કોઇ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેક્ટર, ઓટોરીક્ષા, સ્કુટર, સાયકલ રિક્ષા વિગેરેનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

INDEX

આ હુકમ ઈસ્યુ કર્યા તારીખથી ચૂંટણી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે, તેમજ આ હુકમ ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગ વિસ્તાર પુરતો લાગુ પડશે, જેની જાણકારી અર્થે બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે.

આજ તારીખ ૨૦-૦૮-૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

કે. જે. બોર્ડર,

૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,

દાહોદ.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી,

જિલ્લા સેવા સદન, દાહોદ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

હુકમ

ક્રમાંકઃ-મજસ/વિધાનસભા પેટા ચૂંટણી/વશી ૩૩ થી ૪૩/૨૦૧૪.- અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. ચૂંટણી પંચે જાહેર કરેલ કાર્યક્રમ મુજબ ઉમેદવારી પત્રો રજુ કરવામાં આવશે. ઉમેદવારી પત્રો રજુ કરવા સમયે રાજકીય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેના કારણે ચૂંટણી અધિકારીની કચેરીમાં અવ્યવસ્થા અને ઓવર ક્રાઉડીંગની પરિસ્થિતિ ઉભી થાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાતું હોય, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર અને અન્ય ચાર મળી પાંચ વ્યક્તિઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સિવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા દસ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબક્કે ઉમેદવાર અને અન્ય ચાર તેમજ જરૂર જણાય તો પ્રથમ ઉમેદવાર સાથે ગયેલા ચાર દરખાસ્ત કરનારા ચૂંટણી અધિકારીની કચેરીમાંથી બહાર નીકળી જાય ત્યારબાદ બાકીના ચાર અને ત્યારબાદ અન્ય બે દરખાસ્ત કરનારાઓ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશી શકશે. એટલે કે કોઈપણ ઉમેદવાર કે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓએ કે સમર્થકો સાથે પાંચથી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહીં.

(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહીં.

(૩) ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જ્યારે તેઓનું ઉમેદવારી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુક્ત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે.

આ હુકમ ઈસ્યુ કર્યા તારીખથી ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની તારીખ સુધી અમલમાં રહેશે, તેમજ આ હુકમ ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગ વિસ્તાર પુરતો લાગુ પડશે, જેની જાણકારી અર્થે બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તારીખ ૨૦-૦૮-૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

કે. જે. બોર્ડર,

૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,

દાહોદ.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી,
જિલ્લા સેવા સદન, દાહોદ
ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

હુકમ

ક્રમાંક:-મજસ/વિધાનસભા પેટા ચૂંટણી/વશી ૪૪ થી ૫૪/૨૦૧૪.- અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. ચૂંટણી પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ, ઉમેદવારો, રાજકીય પક્ષો તરફથી ઉમેદવારોની ઓળખ તેમજ અન્ય બાબતોએ વિવિધ છાપકામ કરાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે, તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારિત્ર્ય ખંડન જેવી કોઇ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સંબંધિત વ્યક્તિ સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લઇ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ અને પ્રકાશનને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૨૭(ક) ની જોગવાઇ લાગુ પડે છે. ચોપાનીયા, ભીંતપત્રો વગેરે પરના નિયંત્રણની ચુસ્ત અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવો યોગ્ય જણાય છે.

જેથી **હું કે. જે. બોર્ડર GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ) ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) કોઇપણ વ્યક્તિ કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી કે પ્રસિદ્ધ કરી શકાશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઇપણ વ્યક્તિ કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(અ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યક્તિઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બ) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરીને તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય. આ જોગવાઇ પુરતું

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઇપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

(૩) છાપેલા ચૂંટણી અંગેના કોઇ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઇલ નંબર દર્શાવવાના રહેશે.

(૪) મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમ ઇસ્યુ કર્યા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે, તેમજ આ હુકમ ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગ વિસ્તાર પુરતો લાગુ પડશે, જેની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(ક) તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તારીખ ૨૦-૦૮-૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

કે. જે. બોર્ડર,

૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

IV-C-110

INDEX

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી,

જિલ્લા સેવા સદન, દાહોદ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

હુકમ

ક્રમાંકઃ-મજસ/વિધાનસભા પેટા ચૂંટણી/વશી ૫૫ થી ૬૫/૨૦૧૪ અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. આ ચૂંટણી દરમ્યાન સંબંધિત મતવિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહીં અને જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતો હોય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ નીચે મુજબના પગલાં લેવા પુરતા કારણો છે.

જેથી **હું, કે. જે. બોર્ડર, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગન વિસ્તારમાં આ **હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધીની મુદત માટે** અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્રીત થવું નહીં અથવા કોઇ સભા ભરવી નહીં કે કોઇ સરઘસ કાઢવુ નહીં. સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે સંબંધિત વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

અપવાદ :–

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૨) કોઇ લગ્નના વરઘોડાને,

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૪) કોઇ સ્મશાન યાત્રાને.

હું એવો આદેશ કરૂં છું કે, **આ હુકમ સંબંધિત વિધાનસભા મતવિસ્તારમાં** સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડિયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિદ્ધિ કરવાનું રહેશે.

શિક્ષા :–

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તારીખ ૨૦-૦૮-૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

કે. જે. બોર્ડર,

૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪ — અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,

દાહોદ.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી, જિલ્લા સેવા સદન, દાહોદ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે હુકમ

હુકમ

ક્રમાંકઃ મજસ/વિ.સ.પે./ચુંટણી/વશી/ ૬૬ થી ૭૬.– અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી

INDEX

તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ઉમેદવારો ધ્વારા ચૂંટણી પ્રચાર થનાર છે. આ કામે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના ઉક્ત પત્રમાં દર્શાવેલ ચુંટણી પંચની આચાર સંહિતા અમલમાં છે. આથી કોઇ પણ સંજોગોમાં કાર કે અન્ય કોઇ વાહનોના બનેલા ત્રણ કે તેથી વધુ વાહનોના કાફલાની અવરજવર નિયંત્રિત કરવા યોગ્ય જણાયેલ હોઇ ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગ વિસ્તારમાં ચુંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો અને ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર એક જ સાથે ફરે તો ટ્રાફિકમાં અડચણ ઉભી થાય તેમ છે.

વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારો જાહેર રસ્તા ઉપર મોટા પ્રમાણમાં વાહનોમાં, ગાડીઓમાં સવાર થઇ જવાના કારણે નાના વાહનો ઉપર જનારા વ્યક્તિઓ જાહેર જનતાને તથા ચાલતા જનાર વ્યક્તિઓને અગવડ ઉભી થવા સંભવ છે. તદઉપરાંત આવા કાફલાથી મતદારો પર પ્રભાવ પાડવાની બાબત પણ સંભવિત છે. જેથી આ કામે નિયંત્રણ મુકવું જરૂરી જણાયેલ હોઇ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)બી અન્વયે મને મળેલ સત્તાની રૂએ,

હું કે. જે. બોર્ડર GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ આથી ફરમાવું છું કે, ચૂંટણી પ્રચાર કે ઉમેદવારી ફોર્મ ભરવા દરમ્યાન ત્રણ કે વધુ વાહનોના બનેલ કાફલો ચૂંટણી યોજાનાર વિસ્તારના જાહેર માર્ગો પર ફેરવી શકાશે નહીં. તેમજ સંબંધિત શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના જાહેર રસ્તાઓ પર ચૂંટણીલક્ષી સરઘસની કારો, વાહનોને ત્રણ થી વધુ બનેલા કાફલારૂપે અવર જવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ ખાતાના કે અન્ય અર્ધ-લશ્કરીદળો કે લશ્કરી દળોના વાહનો, ચૂંટણી કામે જતા સ્ટાફના વાહનો, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે કે બોર્ડની પરીક્ષાના કામે સંપાદન કરવામાં આવેલ જાહેર વાહનોને કે તબીબી ફાયર બ્રિગેડને લાગુ પડશે નહીં.

કોઇ વ્યક્તિના સંબંધમાં આપવામાં આવેલી સંરક્ષાના વાહનો સુચનાઓને આધિન લઇ જવાના રહેશે.

આ હુકમ ઇસ્યુ કર્યા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતાં સુધી અમલમાં રહેશે. તેમજ આ હુકમ સંબંધિત વિધાનસભા મતવિસ્તારને લાગુ પડશે. જેની જાણકારી અર્થે બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :–

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(ક) તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ હુકમોની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. જે. બોર્ડર,

૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી, જિલ્લા સેવા સદન, દાહોદ

લાઉડ સ્પિકરના ઉપયોગ બાબતે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)થ અન્વયે કાઢેલ હુકમ

હુકમ

ક્રમાંકઃ મજસ/વિ.સ.પે.ચુંટણી/વશી/૭૭ થી ૮૭.– અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. આ અંગે ચૂંટણીની જાહેરાતથી ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી ચૂંટણી પંચની આચારસંહિતા અમલમાં છે. જે બાબત લક્ષમાં લેતાં જાહેર શાંતિ અને જાહેર હિત માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા)ની કલમ ૩૭(૧)(થ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **હું કે. જે. બોર્ડર GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ,** આથી ફરમાવું છું કે,

૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટાચુંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે જાહેર સભા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ રાત્રીના ૧૦-૦૦ થી સવારના ૦૬-૦૦ વાગ્યા સુધી કરી શકાશે નહીં તેમજ આ સિવાયના

સમયગાળા દરમ્યાન સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ લાઉડસ્પીકરનો ઉપયોગ કરી શકાશે. આ હુકમનો અમલ તા. ૨૦/૦૮/૨૦૧૪થી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતાં સુધી જે વધુ હશે તે સમય સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ૨૨ માં)ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ હુકમોની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. જે. બોર્ડર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી, જિલ્લા સેવા સદન, દાહોદ

શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨૨(ખ) અન્વયે હથીયાર જમા કરાવવાનો હુકમ

હુકમ

ક્રમાંકઃ પલસ/વિ.સ.પે. ચું./જા.નામુ/વશી/૮૮-૯૮-૨૦૧૪.– અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ તા.૧૬/૦૮/૨૦૧૪ થી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી તા. ૧૩/૦૯/૨૦૧૪ના રોજ યોજવા જાહેરાત કરેલ છે. જેથી ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ ૨૨(ખ) હેઠળ હથિયારો જમા લેવા જરૂરી જણાય છે.

આ બાબતે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ ૨૨(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું **કે. જે. બોર્ડર GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ,** આથી ફરમાવું છું કે, ૧૩૧ લીમખેડા (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુથી ચુંટણી વિસ્તારના જાત રક્ષણ તથા પાક રક્ષણ હથીયાર ધારણ કરનાર તમામ પરવાનેદારોનાં હથીયાર તા. ૨૦/૦૮/૨૦૧૪ થી તા. ૦૪/૦૯/૨૦૧૪ સુધી દિન-૧૫માં નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થયે સંબંધીત પરવાનેદાર ચૂંટણી દરમ્યાન કોઈ ગુન્હામાં સંડોવાયેલ ન હોય તો નિયમોનુસાર હથીયાર પરત કરવાના રહેશે.

સદર હુકમ રાષ્ટ્રીયકૃત બેન્કો, સહકારી બેન્કો, ઔદ્યોગિક એકમો, જાહેર સાહસોના ચોકીદારો કે જેઓ બેંકોની સુરક્ષા માટે હથીયાર ધારણ કરતા હશે તથા સરકારી કર્મચારી/અધિકારીશ્રીઓએ જમા કરાવવાના રહેશે નહી અને ફરજ પરના તમામ પોલીસ અધિકારીશ્રીઓ, પોલીસ કર્મચારીશ્રીઓ કે જેઓને પોતાની ફરજ અંગે હથીયાર સાથે રાખવા પડતા હોય તો તેવા હથીયાર જમા હથીયાર જમા કરાવવાના રહેશે નહી.

આ હુકમની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ હુકમોની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. જે. બોર્ડર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

૨૦મી ઓગસ્ટ, ૨૦૧૪

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

Gujarat Stamp Act, 1958

No. STP/INS/Cons/303/2014/4503.— In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 dated 28/5/87, The

Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **RANKAS TEXFAB PRIVATE LIMITED, AHMEDABAD** to pay consolidated amount of stamp duty of

(1) Rs.5000/- (Rupees Five Thousand only) on issue of 5,00,000 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 9,20,001 to 14,20,000 to the face value of Rs.50,00,000/- and

(2) Rs.5,000/- (Rupees Five Thousand only) on issue of 50,000 Equity shares of the face value of Rs.10/- (includes of Rs.90/- Premium per shares Total Premium of Rs.45,00,000/-) each and having distinctive number from 14,20,001 to 14,70,000 to the face value of Rs.5,00,000/- The total value of Rs.50,00,000/- and

(3) Rs.5,000/- (Rupees Five Thousand only) on issue of 25,000 Equity shares of the face value of Rs.10/- (includes of Rs.190/- Premium per shares Total Premium of Rs.47,50,000/-) each and having distinctive number from 14,70,001 to 14,95,000 to the face value of Rs.2,50,000/- The total value of Rs.50,00,000/- and

(4) Rs.10,000/- (Rupees Ten Thousand only) on issue of 50,000 Equity shares of the face value of Rs.10/- (includes of Rs.190/- Premium per shares Total Premium of Rs.95,00,000/-) each and having distinctive number from 14,95,001 to 15,45,000 to the face value of Rs.5,00,000/- The total value of Rs.1,00,00,000/- (in physical as well as demat from both inclusive).

4th September, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંકઃ સ્ટેમ્પ/નક્ષણ/કોન્સો/૩૦૩/૨૦૧૪/૪૫૦૩.– સને-૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯મા ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા.૨૮-૦૫-૮૭ ના જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.એમ./૮૭/૯૩/એમ/ પરચ/૧૦૮૪/૪૭૭/હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **રંકાસ ટેક્ષફેબ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદ** ના

(૧) કુલ ૫,૦૦,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૯,૨૦,૦૦૧ થી ૧૪,૨૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/-ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂ.૫૦,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૫,૦૦૦/- અંકે રૂ.પાંચ હજાર પુરા તથા

(૨) કુલ ૫૦,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૧૪,૨૦,૦૦૧ થી ૧૪,૭૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ.૯૦/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમિયમ રૂ.૪૫,૦૦,૦૦૦/-) કુલ ફેસ વેલ્યુ રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૫૦,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૫,૦૦૦/- અંકે રૂ. પાંચ હજાર પુરાની તથા

(૩) કુલ ૨૫,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૧૪,૭૦,૦૦૧ થી ૧૪,૯૫,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ.૧૯૦/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમિયમ રૂ.૪૭,૫૦,૦૦૦/-) કુલ ફેસ વેલ્યુ રૂ.૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂ.૫૦,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૫,૦૦૦/- અંકે રૂ. પાંચ હજાર પુરાની તથા

(૪) કુલ ૫૦,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૧૪,૯૫,૦૦૧ થી ૧૫,૪૫,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ.૧૯૦/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમિયમ રૂ.૯૫,૦૦,૦૦૦/-) કુલ ફેસ વેલ્યુ રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૧૦,૦૦૦/- અંકે રૂ. દસ હજાર પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

IV-C-111

INDEX

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

Gujarat Stamp Act, 1958

No. STP/INS/Cons/401/2014/4505.— In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 Dated 28/5/1987, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **HARLAN LABORATORIES INDIA PRIVATE LIMITED, AHMEDABAD** to pay consolidated amount of stamp duty of

(1) Rs.15,388/- (Rupees Fifteen Thousand Three Hundred Eighty Eight only) on issue of 15,38,707 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 1,35,001 to 16,73,707 to the face value of Rs.1,53,87,070/- and

(2) Rs.16,360/- (Rupees Sixteen Thousand Three Hundred Sixty only) on issue of 16,36,000 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 16,73,708 to 33,09,707 to the face value of Rs.1,63,60,000/- and (in physical as well as demat form both inclusive).

4th September, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંકઃ સ્ટેમ્પ/નક્ષણ/કોન્સો/૪૦૧/૨૦૧૪/૪૫૦૫.– સને-૧૯૫૮ ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ મા ખંડ(ખ) હેઠળ મહેસુલ વિભાગના તા.૨૮-૦૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.એમ./૮૭/૯૩/એમ/પરચ/૧૦૮૪/૪૭૭/હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **હરલાન લેબોરેટરી પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદ** ના

(૧) કુલ ૧૫,૩૮,૭૦૭ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૧,૩૫,૦૦૧ થી ૧૬,૭૩,૭૦૭ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂ.૧,૫૩,૮૭,૭૦૭/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૧૫,૩૮૮/- અંકે રૂ. પંદર હજાર ત્રણસો ઈઠ્યાસી તથા

(૨) કુલ ૧૬,૩૬,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૧૬,૭૩,૭૦૮ થી ૩૩,૦૯,૭૦૭ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂ.૧,૬૩,૬૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૧૬,૩૬૦/- અંકે રૂ. સોળ હજાર ત્રણસો સાઠ પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

Gujarat Stamp Act, 1958

No. STP/INS/Cons/402/2014/4506.— In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 dated 28/5/87, The

INDEX

Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **SUR ENTERPRISE PRIVATE LIMITED, AHMEDABAD** to pay consolidated amount of stamp duty of Rs.9,900/- (Rupees Nine Thousand Nine Hundred only) on issue of 9,90,000 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 10,001 to 10,00,000 to the face value of Rs.99,00,000/- (in physical as well as demat form both inclusive).

4th September, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંકઃ સ્ટેમ્પ/નક્ષણ/કોન્સો/૪૦૨/૨૦૧૪/૪૫૦૬.– સને-૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯મા ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા.૨૮-૦૫-૮૭ ના જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.એમ./૮૭/૯૩/એમ/પરચ/ ૧૦૮૪/૪૭૭/હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **સુર એન્ટરપ્રાઇઝ પ્રાઇવેટ લીમીટેડ, અમદાવાદ** ના કુલ ૯,૯૦,૦૦૦ ઇક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૧૦,૦૦૧ થી ૧૦,૦૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂ.૯૯,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૯,૯૦૦/- અંકે રૂ. નવ હજાર નવસો પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

Gujarat Stamp Act, 1958

No. STP/INS/Cons/403/2014/4504.— In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **INFINIUM PHARMACHEM PRIVATE LIMITED, ANAND** to pay consolidated amount of stamp duty of Rs.3,173/- (Rupees Three Thousand One Hundred Seventy Three only) on issue of 70,505 Equity shares of the face value of Rs.10/- (includes of Rs.35/- Premium per shares Total Premium of Rs.24,67,675/-) each and having distinctive number from 3,64,001 to 4,34,505 to the face value of Rs.7,05,050/- The total value of Rs.31,72,725/- (in physical as well as demat form both inclusive).

4th September, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંકઃ સ્ટેમ્પ/નક્ષણ/કોન્સો/૪૦૩/૨૦૧૪/૪૫૦૪.– સને-૧૯૫૮ ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯મા ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા.૨૮-૦૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.એમ./૮૭/૯૩/એમ/પરચ/

૧૦૮૪/૪૭૭/હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **ઈન્ફિનિયમ ફાર્માકેમ પ્રાઈવેટ લીમીટેડ, આણંદ** ના કુલ ૭૦,૫૦૫ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૩,૬૪,૦૦૧ થી ૪,૩૪,૫૦૫ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ.૩૫/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમિયમ રૂ.૨૪,૬૭,૬૭૫/-) કુલ ફેસ વેલ્યુ રૂ.૭,૦૫,૦૫૦/- મળી કુલ રૂ.૩૧,૭૨,૭૨૫/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૩,૧૭૩/- અંકે રૂ. ત્રણ હજાર એકસો તોતેર પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

Gujarat Stamp Act, 1958

No. STP/INS/Cons/404/2014/4507.— In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **BHAVNAGAR ENERGY LIMITED, GANDHINAGAR** to pay consolidated amount of stamp duty of Rs.4,11,699/- (Rupees Four Lac Eleven Thousand Six Hundred Ninty Nine only) on issue of 4,11,69,900 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 55,84,64,001 to 59,96,33,900 to the face value of Rs.41,16,99,000/- (in physical as well as demat form both inclusive).

4th September, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંકઃ સ્ટેમ્પ/નક્ષણ/કોન્સો/૪૦૪/૨૦૧૪/૪૫૦૭.– સને-૧૯૫૮ ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯મા ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા.૨૮-૦૫-૮૭ ના જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.એમ./૮૭/૯૩/એમ/પરચ/૧૦૮૪/૪૭૭/હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **ભાવનગર એનર્જી કંપની લીમીટેડ, ગાંધીનગર** ના કુલ ૪,૧૧,૬૯,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૫૫,૮૪,૬૪,૦૦૧ થી ૫૯,૯૬,૩૩,૯૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના ફેસ વેલ્યુ રૂ.૪૧,૧૬,૯૯,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૪,૧૧,૬૯૯/- અંકે રૂ. ચાર લાખ અગીયાર હજાર છસો નવ્વાણું પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

Gujarat Stamp Act, 1958

No. STP/INS/Cons/405/2014/4502.— In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue

Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **BHAVNAGAR ENERGY LIMITED,.GANDHINAGAR** to pay consolidated amount of stamp duty of Rs.2,47,500/- (Rupees Two Lac Forty Seven Thousand Five Hundred only) on issue of 2,47,50,000 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 59,96,33,901 to 62,43,83,900 to the face value of Rs.24,75,00,000/- (in physical as well as demat form both inclusive).

4th September, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંકઃ સ્ટેમ્પ/નક્ષણ/કોન્સો/૪૦૫/૨૦૧૪/૪૫૦૨.– સને-૧૯૫૮ ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯મા ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા.૨૮-૦૫-૮૭ ના જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.એમ./૮૭/૯૩/એમ/પરચ/૧૦૮૪/૪૭૭/હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **ભાવનગર એનર્જી કંપની લીમીટેડ, ગાંધીનગર** ના કુલ ૨,૪૭,૫૦,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબરઃ ૫૯,૯૬,૩૩,૯૦૧ થી ૬૨,૪૩,૮૩,૯૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂા.૧૦/- ની દાર્શનીક કિંમતના ફેસ વેલ્યુ રૂ.૨૪,૭૫,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂા.૨,૪૭,૫૦૦/- અંકે રૂ. બે લાખ સુડતાળીસ હજાર પાંચસો પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

REGISTERED No. L 2/RNP/G/GNR/84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LV] THURSDAY, SEPTEMBER 25, 2014/ASVINA 3, 1936 [No. 39

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

જાહેરનામું

નંબરઃ ડીસી/વશી/૬૯૫૫ થી ૬૯૭૦/૨૦૧૪.– મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગરના તા.૧૨-૦૮-૨૦૧૪ નોંધ પત્રથી નીચે જણાવેલ વિસ્તારની કોલેરાગ્રસ્ત/કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા વિનંતી કરેલ છે.

ઉક્ત નિવેદન વિચારણામાં લઇ એપીડેમીક ડીસીઝ એક્ટ-૧૯૮૭ ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન તા.૨૬-૫-૧૯૫૬ ના મુંબઈ સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ભાગ-૪ માં પ્રસિદ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩, ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હું રવિશંકર (આઇ.એ.એસ.) કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ નં.૧ માં જણાવ્યા મુજબના વિસ્તારને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરું છું તથા કોલમ-૨ માં જણાવેલ અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમના નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરૂ છું.

કોલેરા ગ્રસ્ત	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક પામેલ અધિકારી
ગાંધીનગર તથા કલોલ તાલુકાના અદાણી શાંતિગ્રામ કન્સ્ટ્રકશન સાઇટ (એસ.જી. હાઇવે, વૈષ્ણવી દેવી સર્કલ પાસે) નો વિસ્તાર તથા તે વિસ્તારની આજુબાજુનો ૮ કિ.મી. નો વિસ્તાર.	મામલતદાર, ગાંધીનગર મામલતદાર, કલોલ

આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩(ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

૨૧મી ઓગસ્ટ, ૨૦૧૪

(સહી) અવાચ્ય,
જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨ મા) ની

કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ હુકમ

નંબરઃ ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)/વશી/૭૨૯૬-૭૩૨૮/૨૦૧૪.– ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને ઘ.૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ દ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા.૨૭-૦૮-૨૦૧૪ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/૫૦૪૧/૨૦૧૪, થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું ડૉ. એમ. ડી. મોડીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં **તા.૦૬-૦૯-૨૦૧૪ ના રોજ ૦૦.૦૦ કલાક થી તા.૨૦-૦૯-૨૦૧૪** કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપ અને ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/ કલોલ/દહેગામ/માણસાએ જેઓને શારીરીક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એબ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો તથા સદરહું વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડિયો ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

આજ તા.૦૬-૦૯-૨૦૧૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

ડૉ. એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની

કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ હુકમ

નંબરઃ ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી./૭૩૨૯-૭૩૬૧/૨૦૧૪.– ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ.કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને ઘ.૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ દ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ ઈન્સપેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલસ અધિકક્ષકશ્રી, ગાંધીનગરના તા.૨૭-૦૯-૨૦૧૪ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/૫૦૪૧/૨૦૧૪ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું ડૉ. એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં **તા.૦૬-૦૯-૨૦૧૪ ના રોજ ૦૦.૦૦ કલાકથી તા.૨૦-૦૯-૨૦૧૪ કલાક ૨૪.૦૦** સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તરફથી પોલીસ અભિપ્રાય મેળવી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવેલ હોય.

આ જાહેરનામા અન્વયે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે પોલીસ અભિપ્રાય મેળવી સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી ખાસ કિસ્સામાં સ્વવિવેક અનુસાર જાહેર સુલેહ શાંતિ જાળવણીને ધ્યાને લઈને મંજૂરી આપી શકશે.

હું આદેશ કરું છું કે, સદરહું વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને સદરહું વિસ્તારોમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો પર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપનો નીચે જણાવ્યા સિવાયનો વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે સેક્ટર-૬ ના પોલીસ સ્ટેશનના પાછળના ભાગે એન્ટ્રી રોડને અડીને લગભગ ૭૦મી. x ૫૦મી. વિસ્તાર.

સરકારી કાર્યક્રમો માટે મહાત્મા મંદિર, સેક્ટર-૧૩, ટાઉન હોલ, સેક્ટર-૧૭, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેક્ટર-૧૭, સરકીટ હાઉસ, ગાંધીનગર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૬-૦૯-૨૦૧૩ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

ડૉ. એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ

હુકમ

ક્રમાંકઃ ડીસી/હુકમ/વશી./૭૩૬૪-૭૩૮૬/૨૦૧૪.– અમદાવાદ શહેરી વિસ્તારમાં તા.૨૬-૦૭-૨૦૦૮ તથા મુંબઈ શહેરમાં તા.૨૬-૧૧-૨૦૦૮ ના રોજ થયેલ આતંકવાદી હુમલાના અનુસંધાને વાહન, હોટલ, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે જરૂરી જાહેરનામું બહાર પાડવા તેઓના તા.૧૯-૦૮-૨૦૧૪ ના પત્ર નં. એસઓજી/હોટલ-ગેસ્ટ હાઉસ/જા.નામું./૧૧૧૮/૧૪ થી જરૂરી દરખાસ્ત કરેલ. વાસ્તે, હું રવિશંકર (આઇ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ગાંધીનગર જિલ્લાની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવામાં આવે.

(૨) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચિત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

(૩) મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ વિગેરે) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી.

(૪) તમામ ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા ગાંધીનગર જિલ્લાના વિસ્તારોની હોટલો/ગેસ્ટ હાઉસોના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઇએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઇપણ પ્રકારના

દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા કે વગર લાયસન્સે હોટલ/ગેસ્ટ હાઉસનું સંચાલન નહી કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૫) ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં આવેલ હોટલો/ગેસ્ટ હાઉસો/ધાબાના માલિક તથા મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ગેસ્ટહાઉસ (SISTER CONCERN) ક્યા ક્યા સ્થળે આવેલ છે, તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ તથા એક્ઝેક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૬) ગેસ્ટ હાઉસમાં રોકાનાર યાત્રિક જે વાહન લઈને આવેલ હોય તે વાહન તથા તેના રજીસ્ટ્રેશન નંબરની નોંધ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં કરવી.

જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. બોમ્બે પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ તા.૧૦-૦૯-૨૦૧૪ થી તા.૦૮-૧૧-૨૦૧૪ સુધી બન્ને દિવસો સહિત દિવસ ૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૦-૦૯-૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪.

રવિશંકર,
જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

તા.૧-૦૮-૨૦૧૪ થી તા.૩૧-૦૮-૨૦૧૪ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ ભાગ - ૪ ક	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧	૨૦૬	રાચઆ-ચટણ-જિતાપં.મતય-૩-પાર્ટ-II-૮૨૦૧૪-ક	૨-૮-૧૪	રા.ચૂં. આયોગ
૨	૨૦૭	રાચઆ-ચટણ-ન.પા.-મતય ૬(૩) ૮૨૦૧૪-ક	૬-૮-૧૪	,,
૩	૨૦૮	૫ જીડીએ(૫) ૨૦૧૪-૭૯૩	૧૩-૮-૧૪	ગાંધીનગર ડેવલપમેન્ટ ઓથોરીટી
૪	૨૦૯	જીઆઈઆરસી-એડીએમ-નોટીફીકેશન-૩-૨૦૧૪	૧૪-૮-૧૪	ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૫	૨૧૦	બીવાયઈ-૧૨૧૩-૩૭૬-છ	૨૦-૮-૧૪	ઈલેકશન કમીશન ઓફ ઈન્ડીયા (સા.વ.વિ.)
૬	૨૧૧	નં. જીજે-એચપી-૧-૨૦૧૪	,,	,,
૭	૨૧૨	ચૂંટણી-૧-વશી-૫૪૭૯-૨૦૧૪	,,	ચૂંટણી અધિકારી વડોદરા
૮	૨૧૩	વિધાનસભા પે.ચૂં.-૨૦૧૪	,,	ચૂંટણી અધિકારી ડીસા
૯	૨૧૪	ક્રમાંક: ઈએલસી-૧૦૧૨-૫૪૯-છ-(પાર્ટ-૧) (૧) નં.૪૩૪-જીજે-એચપી-૨૦૧૪ (૨) (૨) નં.૪૩૪-જીજે-એલએ-૨૦૧૪ (૧) (૩) નં.૪૨૯-જીજે-એલએ-૨૦૧૪ (૧) (૪) નં.૪૩૪-જીજે-એલએ-૨૦૧૪ (૨)	૨૧-૮-૧૪	ઈલેકશન કમિશન ઓફ ઈન્ડીયા (સા.વ.વિ.)
૧૦	૨૧૫	ક્રમાંક: રાચઆ-ચટણ-મતય-ગ્રા.પં.૨૨(૫) ૮૨૦૧૪-ક	૨૨-૮-૧૪	રા.ચૂં.પંચ, ગાંધીનગર
૧૧	૨૧૬	નં.ઈએનવી-૧૦૨૦૧૩-૧૩૫૬-ઈ	,,	ગુજરાત એનવાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (GEMI)
૧૨	૨૧૭	એસઆઈઆરએએ-૧૪-૨૦૧૪-૧૧૧ (બોર્ડની સૂચનાથી આ જાહેરનામું હાલમાં પ્રસિદ્ધ કરેલ નથી). તા.૨૬-૮-૧૪		ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ
૧૩	૨૧૮	રાચઆ-ચટણ-મ.ન.પા.-મતય-૧-પાર્ટ-૩-૮૨૦૧૪-ક	૨૮-૮-૧૪	રા.ચૂ.આયોગ, ગાંધીનગર
૧૪	૨૧૯	(વિભાગની સૂચનાથી છાપવા માટે આવેલ નથી)		
૧૫	૨૨૦	બીવાયઈ-૧૨૧૩-૩૮૧-છ	૩૦-૮-૧૪	સા.વ.વિ.
૧૬	૨૨૧	જીવાયએસ-૯૦૩-સી-૧-૪૫(૩૪) ૧૦૭૫૦	,,	ગુજરાત વિધાનસભા

પી. જી. શાહ,
ઈન્ચાર્જ વ્યવસ્થાપકશ્રી,
સ.મ.મુ. ગાંધીનગર.

REGISTERED No.L2/RNP/G/GNR/84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LV] THURSDAY, OCTOBER 2, 2014/ASVINA 10, 1936 [No. 40

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

હુકમ

ક્રમાંક :- ડીસી/સીમકાર્ડ/વશી/૭૨૦૮ થી ૭૨૩૭/૨૦૧૪.- ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવે છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્વો, ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે માટે રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડનો ઉપયોગ કરતા હોય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા ઉપર કોઈ ચોક્કસ પ્રકારની નિતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના તથા દસ્તાવેજોની પણ જે તે ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઈલરો ધ્વારા યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. આ મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઈલરો/ફેરીયાઓને અવાર નવાર ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના માન્ય કોઈ દસ્તાવેજી આધાર પુરાવા પોતાની પાસે રાખતા નથી કે દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે. તે અંગેની માહિતી પણ રાખતા નથી અને મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે પણ સીમકાર્ડ વેચતા/ખરીદતા હોવાનું જણાઈ આવેલ છે.

૧૮. સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યક્તિ જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો, આઈ.ડી. ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

૧૯. મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ કરવા માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી મોબાઈલ કંપનીઓએ સ્થાનિક પોલીસને આપવી.

૨૦. મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા જણાઈ આવેલ છે, જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફક્ત નગરપાલિકા કે ગ્રામપંચાયતમાં શોપ હેઠળ નોંધાયેલ લાયસન્સ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

૨૧. મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું તથા જે વ્યક્તિને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને વેચાણ અંગેનું રજીસ્ટર પરિશિષ્ટ 'A' અને 'B' મુજબ નિભાવવાનું રહેશે.

આ ઉપરાંત સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ., ઉપરથી બનાવટી કોલ (ફેક કોલ) ધ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ રોજબરોજ વધી રહેલ છે. જિલ્લા કક્ષાએ કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ **એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલ્સની, નામ-સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવામાં**

આવે તે ખુબ જ જરૂરી છે. પરીણામે સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. માંથી ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓને જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ બનતા અટકશે અને આવો કિસ્સો બનતાં ગુનેગારને પકડવામાં સરળતા રહેશે.

(અ)એસ.ટી.ડી./પી.સી.ઓ. સંચાલકની નજર સામે રાખવા (બ) ટેલીફોન ઉપર વાત કરનાર વ્યક્તિ પોતે તેને જોઈ શકે તેટલું નજીક રાખવું. જેથી તેની વર્તણુંક ઉપર ધ્યાન રાખી શકાય. (ક) કોઈન બોક્ષ ટેલીફોન માલિકે પોતાની પાસે રાખવા ગ્રાહક માંગે ત્યારે આપે જેથી ગ્રાહકની ઓળખ માલીકને થઈ શકે. (ડ) કોઈન બોક્ષ ટેલીફોન નજીક હશે તો કોઈ પણ વ્યક્તિ કોઈને ધમકી આપશે, ખંડણી માંગશે અથવા કોઈની સાથે બિભસ્ત વાત કરશે તો પકડાઈ જશે. (ઈ)એસ.ટી.ડી./પી.સી.ઓ કોઈન બોક્ષ ટેલીફોન ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા.

ઉપરોક્ત તમામ કાર્યવાહી સમગ્ર ગાંધીનગર જિલ્લાને લાગુ પડતા પશ્ચિમ રેલવે પોલીસ સ્ટેશન વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવે છે.

રાષ્ટ્રીય હીત માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુ સર સાચી દિશામાં મળી રહે તે સારૂ તે પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષી જિલ્લામાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર નિયંત્રણ લાવવા તથા તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઇડેન્ટીટી ચકાસવા તેમજ કોઈન ડીટેઈલની, નામ-સરનામાની માહિતીનું રજીસ્ટર ફરજીયાત નિભાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે તા. ૦૧-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ એસઓજી/સીમકાર્ડ-એસટીડી/પીસીઓ/જા.નામુ/૧૪૦૦/૧૪ થી અત્રે દરખાસ્ત કરેલ છે.

આથી હું **રવિશંકર (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર** ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ હુકમ કરું છું કે, ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તાર (ગાંધીનગર શહેર સહિત)માં મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટસે રીટેઈલરોને કોઈપણ વ્યક્તિને નવું મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતા પહેલાં મોબાઈલ સીમકાર્ડ/મોબાઈલ ફોનનું વેચાણ કરતા જે તે વ્યક્તિના જરૂરી ઓળખના પુરાવા લઈ, તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ, તે જ વ્યક્તિને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને વેચાણ અંગેનું રજીસ્ટર પરિશિષ્ટ- 'A' અને 'B' મુજબ ફરજિયાત નિભાવવા હુકમ કરું છું,

સદર હું હુકમ તા. ૧૪-૧૧-૨૦૧૪ થી તા. ૧૨-૦૧-૨૦૧૫ દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૧૩-૧૧-૨૦૧૪ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

૧૩મી નવેમ્બર,૨૦૧૪.

રવિશંકર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

પરિશિષ્ટ- 'A'

નવા/જુના મોબાઈલ ખરીદતી/વેચતી વખતે વેપારીઓએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ફોટો આઈ.ડી. પ્રુફની વિગત	મોબાઈલ ખરીદનારની સહી
૧.	૨.	૩.	૪.	૫.	૬.

પરિશિષ્ટ- 'B'

નવુ સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઈલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામુ	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧.	૨.	૩.	૪.	૫.	૬.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી, દાહોદ

જાહેરનામું

વાંચ્યોઃ- ૧. પોલીસ અધિક્ષકશ્રી દાહોદના તા.૦૭-૧૦-૨૦૧૪ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૧૨૨૯/૧૪

૨. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)

ક્રમાંકઃ પલસ/મજસ/વશી/૩૯૬૪-૭૮. આગામી દિવસોમાં દિવાળી, નૂતનવર્ષ, ભાઈબીજ, મોહરમ (તાજીયા), ગુરૂનાનક જયંતિ, દેવદિવાળી જેવા તહેવારોની ઉજવણી થનાર છે. જેના અનુસંધાને દાહોદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે, તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી હું **કે. જે. બોર્ડર GAS.,** અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર **દાહોદ જિલ્લામાં તા.૧૦-૧૦-૨૦૧૪ થી તા.૦૯-૧૧-૨૦૧૪** સુધી નીચેનાં કૃત્યો કરવાં નહીં.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ ફરવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહીં.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો, સાધનો લઇ જવાં નહીં, એકઠાં કરવા નહીં તથા તૈયાર કરવા નહીં, મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અસ્લીલ ગીતો ગાવા નહી. ટોળામાં ફરવું નહી.

(ઘ) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની મનાઇ છે.

આ હુકમનો નીચે જણાયેલ વ્યક્તિઓ/પ્રસંગો/વાહનોને લાગું પડશે નહીં

(૧) ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથીયાર લઇ જવાનું, ધારણ કરવાનું હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીશ્રીઓએ જે તે શારીરિક અશક્તિના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિને.

(૪) વ્યક્તિગત કામ માટે જતાં અધિકૃત પરવાનેદારો, પરંતુ આવા પરવાનેદાર હથિયાર સાથે કોઈપણ રાજકીય પક્ષના દેખાવોમાં ભાગ લઇ શકશે નહી કે હથિયાર ધારણ કરી મદદ કરી શકશે નહિ.

(૫) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને.

શિક્ષા :–

આ જાહેરનામું ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫(૧) તથા ભારતીય દંડ સંહિતા-૧૯૬૦ ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પિટાવીને તેમજ હુકમોની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજ તારીખઃ ૦૯મી ઓકટોબર, ૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી આપ્યા.

કે. જે. બોર્ડર,

તા. ૯મી ઓકટોબર, ૨૦૧૪.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી, દાહોદ

જાહેરનામું

વાંચ્યોઃ- ૧. ગુજરાત પોલીસ અધિનિયમ-૩૩(૧)(ગ)

૨. પોલીસ અધિક્ષકશ્રી દાહોદના તા.૦૯-૧૦-૨૦૧૪ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૧૨૩૨/૧૪

ક્રમાંકઃ મજસ/વનવે/વશી/૪૦૦૦ થી ૪૦૦૭.- દાહોદ શહેરમાં માર્ગની સુવિધાઓ માળખાગત છે. જયારે સમયાંતરે થયેલ વસ્તીવૃધ્ધિ, વસ્તીની ગીચતા અને વાણિજ્ય તથા પરિવહનના વિકસેલા વ્યાપાર ધ્યાને લેતા તેમજ દાહોદ શહેર ગુજરાત રાજ્ય ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશ સાથે માર્ગ પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થા સાથે સંકળાયેલ હોવાથી પ્રતિદિન આશરે ૨૫૦૦૦ વ્યક્તિઓ વેપાર, વ્યવસાય, અભ્યાસ, રોજગાર અને સારવાર હેતુ સર દ્વિચક્રી વાહનોથી લઈ હળવા તેમજ ભારે મોટર વાહનો ધ્વારા આવ-જા કરે છે. આ વ્યક્તિઓ તથા તેમના વાહનો તેમના રોકાણકાળ દરમ્યાન દાહોદ શહેરમાં સ્થિર અગર તો ચલિત હાલતમાં રહેતા હોય છે. દાહોદ શહેરમાં આ સ્થિતિ માટે પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા ઉપલબ્ધ નથી જેના કારણે ટ્રાફિકને લગતી વિવિધ સમસ્યાઓ ઉદભવે છે અને ટ્રાફિક નિયમન માટે પણ પડકારરૂપ પરિસ્થિતિ બની રહે છે.

દાહોદ શહેરના હાર્દસમા વિસ્તાર જેવા કે ભગીની સમાજ, માણેક ચોક, ગાંધી ચોક, દોલતગંજ બજાર, લેબર કોર્ટ, પડાવ, હનુમાન બજાર, બહારપુરામાં પ્રવર્તમાન માર્ગો ખુબ જ સાંકડા છે. આ રસ્તાઓની બંને બાજુ દુકાનો આવેલ છે તેમજ દુકાનો ઉપર આવાસો છે. આ સમગ્ર વિસ્તારમાં કોઈ પાર્કિંગ ઝોન નથી. જેથી રસ્તાની બંને બાજુ લોકો વાહનો પાર્ક કરે છે. જેથી માર્ગો વધુ સાંકડા થતાં પરિવહનની સમસ્યા ગંભીર બને છે અને અવારનવાર ટ્રાફિક જામના કારણે જાહેર વ્યવસ્થા ખોરવાઈ જાય છે. સામાન્ય અકસ્માત જેવી ઘટનાથી કોમી અગર તો જાતિ તંગદીલી પ્રસરે તેવી સંભાવના નકારી શકાય નહિ. આમ આ સમસ્યા પ્રત્યક્ષ રીતે જાહેર વ્યવસ્થાના નિયમન સાથે સંકળાયેલી બાબત છે અને આ સમસ્યાના નિવારણ માટે એકમાત્ર વિકલ્પ તરીકે નીચે દર્શાવ્યા મુજબના માર્ગોને નિર્ધારિત સમયમર્યાદાથી એકમાર્ગીય (માત્રપ્રવેશ) તથા આ

માર્ગોના બીજા છેડાને પ્રવેશ નિષેધ જાહેર કરવા પોલીસ અધિક્ષકશ્રી દાહોદે ઉક્ત સંદર્ભ-૨ની દરખાસ્તથી જણાવેલ હોઈ હું **કે. જે. બોર્ડર GAS., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ** ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ગ) હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ રસ્તાઓને એકમાર્ગીય (માત્ર પ્રવેશ) તથા આ માર્ગોના બીજા છેડાને સવારના ૦૯.૦૦ કલાકથી સાંજના ૧૯.૦૦ કલાક સુધી પ્રવેશ નિષેધ જાહેર કરવા ફરમાન કરૂં છું.

૧. ગાંધી ચોકથી ગૌશાળા તરફ જતો રસ્તો એકમાર્ગીય (માત્ર પ્રવેશ) અને ગૌશાળાથી ગાંધી ચોક તરફ જતો રસ્તો એકમાર્ગીય (માત્ર પ્રવેશ) અને ગૌશાળાથી ગાંધી ચોક તરફ જતો રસ્તો પ્રવેશ નિષેધ જાહેર કરવામાં આવે છે.

૨. ગૌશાળા, મંડાવાવ સર્કલ અને સોનીવાડ તરફથી ગાંધી ચોક તરફ આવતા વાહનો એ.પી.એમ.સી. તરફનો રસ્તો તેમજ મંડાવાવ સર્કલ તરફનો રસ્તો ઉપયોગ કરે તો દોલતગંજ વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા મહદઅંશે નિવારી શકાય જેથી આ માર્ગોને યથાયોગ્ય એકમાર્ગીય અને પ્રવેશ નિષેધ જાહેર કરવામાં આવે છે.

૩. ગૌશાળા, મંડવાવ સર્કલ અને સોનીવાડ તરફથી આવતા તમામ વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવામાં આવે છે.

૪. ગાંધી ચોકથી ગૌશાળા તરફ જતા વાહનો માટે આ માર્ગને એકમાર્ગીય જાહેર કરવામાં આવે છે.

ઉક્ત તમામ માર્ગો પર ''એક માર્ગીય'' અને ''પ્રવેશ નિષેધ'' ની સંજ્ઞા વાહન ચાલકો સરળતાથી જોઈ શકે તે રીતે મુકવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ હુકમોની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવાની રહેશે.

આજ ૨૨મી ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરવામાં આવ્યા.

તા. ૨૨મી ઓક્ટોબર,૨૦૧૪.

કે. જે. બોર્ડર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી, દાહોદ

જાહેરનામું

વાંચ્યો:- ૧. ગુજરાત પોલીસ અધિનિયમ-૩૩(૧)(ગ)

૨. પોલીસ અધિક્ષકશ્રી દાહોદના તા.૨૧-૧૦-૨૦૧૪ના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૩૧૨/૧૪

ક્રમાંકઃ મજસ/ઓડ ઈવન ડેટ/વાહન પાર્ક/જાહેરનામું/વશી. ૪૦૦૮ થી ૪૦૧૬.- દાહોદ શહેરમાં માર્ગની સુવિધાઓ માળખાગત છે. જયારે સમયાંતરે થયેલ વસ્તીવૃધ્ધિ, વસ્તીની ગીચતા અને વાણિજ્ય તથા પરિવહનના વિકસેલા વ્યાપને ધ્યાને લેતા તેમજ દાહોદ શહેર ગુજરાત રાજ્ય ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશ સાથે માર્ગ પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થા સાથે સંકળાયેલ હોવાથી પ્રતિદિન આશરે ૨૫૦૦૦ વ્યક્તિઓ વેપાર, વ્યવસાય, અભ્યાસ, રોજગાર અને સારવાર હેતુસર દ્વિચક્રી વાહનોથી લઈ હળવા તેમજ ભારે મોટર વાહનો ધ્વારા આવ-જા કરે છે. આ વ્યક્તિઓ તથા તેમના વાહનો તેમના રોકાણકાળ દરમ્યાન દાહોદ શહેરમાં સ્થિર અગર તો ચલિત હાલતમાં રહેતા હોય છે. દાહોદ શહેરમાં આ સ્થિતિ માટે પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા ઉપલબ્ધ નથી જેને કારણે ટ્રાફિકને લગતી વિવિધ સમસ્યાઓ ઉદભવે છે અને ટ્રાફિક નિયમન માટે પણ પડકારરૂપ પરિસ્થિતિ બની રહે છે.

દાહોદ શહેરના હાર્દસમા વિસ્તાર જેવા કે ભગીની સમાજ, માણેક ચોક, ગાંધી ચોક, દોલતગંજ બજાર, લેબર કોર્ટ, પડાવ, હનુમાન બજાર, બહારપુરામાં પ્રવર્તમાન માર્ગો ખુબ જ સાંકડા છે. આ રસ્તાઓની બંને બાજુ દુકાનો આવેલ છે તેમજ દુકાનો ઉપર આવાસો છે. આ સમગ્ર વિસ્તારમાં કોઈ પાર્કિંગ ઝોન નથી. જેથી રસ્તાની બંને બાજુ લોકો વાહનો પાર્ક કરે છે.

જેથી માર્ગો વધુ સાંકડા થતાં પરિવહનની સમસ્યા ગંભીર બને છે અને અવારનવાર ટ્રાફિક જામના કારણે જાહેર વ્યવસ્થા ખોરવાઈ જાય છે. સામાન્ય અકસ્માત જેવી ઘટનાથી કોમી અગર તો જાતિ તંગદીલી પ્રસરે તેવી સંભાવના નકારી શકાય નહિ. આમ આ સમસ્યા પ્રત્યક્ષ રીતે જાહેર વ્યવસ્થાના નિયમન સાથે સંકળાયેલી બાબત છે. જેથી આ સમસ્યા નિવારવા માટે વિકલ્પ તરીકે નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારોમાં એકાંતરે (એકી-બેકી તારીખ) રીતે વાહનો પાર્ક કરવાનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી દાહોદે તેઓના ઉક્ત સંદર્ભ-૨ના પત્રથી જણાવેલ હોઈ હું **કે. જે. બોર્ડર GAS., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ** ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ગ) હેઠળ મને મળેલ અધિકારની રૂએ

(૧) ભગીની સમાજથી માણેક ચોક (ડાભી બાજુ એકી તારીખ, જમણી બાજુથી બેકી તારીખ)

(૨) માણેક ચોકથી ગાંધી ચોક (ડાભી બાજુ એકી તારીખ, જમણી બાજુથી બેકી તારીખ)

(૩) પડાવ ચોકથી બહારપુરા થઈ એ.પી.એમ.સી. થઈ મંડાવાવ સર્કલ (ડાભી બાજુ એકી તારીખ, જમણી બાજુથી બેકી તારીખ)

(૪) મંડાવાવ સર્કલથી ગોવિંદનગર થઈ તાલુકા પંચાયત સર્કલ થઈ માણેક ચોક (ડાભી બાજુ એકી તારીખ, જમણી બાજુથી બેકી તારીખ)

(૫) ગાંધીચોકથી લેબર કોર્ટ થઈ ફાયર બ્રિગેડ સર્કલ સુધી (ડાભી બાજુ એકી તારીખ, જમણી બાજુથી બેકી તારીખ) એકી-બેકી તારીખ દરમ્યાન વાહનો પાર્ક કરવા ફરમાન કરૂં છું.

આ હુકમની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ હુકમોની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ ૨૨મી ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરવામાં આવ્યા.

તા. ૨૨મી ઓક્ટોબર,૨૦૧૪.

કે. જે. બોર્ડર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

Order

BOMBAY STAMP ACT, 1958

No. STP/INS/Cons/502/2014/6415.-- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Bombay Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No. GHM-87-93-M-PARACH-1084-477-H-l Dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **GUJARAT URJA VIKAS NIGAM LIMITED, VADODARA** to pay consolidated amount of stamp duty of Rs. 29,33,334/- (Rupees Twenty Nine Lac Thirty Three Thousand Three Hundred Thirty Four only) on issue of 29,33,33,400 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 7,08,71,32,896 to 7,38,04,66,295 to the face value of Rs. 293,33,34,000/- (in physical as well as demat form both inclusive).

Dt. 15th November, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

INDEX

સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૦૨-૨૦૧૪-૬૪૧૫.– સને ૧૯૫૮ના મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ (મુંબઇના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી **ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાના** કુલ ૨૯,૩૩,૩૩,૪૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નંબર : ૭,૦૮,૭૧,૩૨,૮૯૬ થી ૭,૩૮,૦૪,૬૬,૨૯૫ સુધીના પ્રત્યેક ઈક્વીટી શેર દીઠ રૂા.૧૦/-ની દાર્શનીક કિંમતના કુલ ફેસ વેલ્યુ રૂા. ૨૯૩,૩૩,૩૪,૦૦૦/- ઉપર સ્ટેમ્પસ લાગત રૂ. ૨૯,૨૩,૩૩૪/- (અંકે રૂ. ઓગણત્રીસ લાખ તેત્રીસ હજાર ત્રણસો ચોત્રીસ પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

તા. ૧૫મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

તા. ૧-૧૦-૨૦૧૪ થી તા. ૩૧-૧૦-૨૦૧૪ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ ભાગ-૪- ક	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧	૨૭૭	ખંભાત ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	૧-૧૦-૧૪	ચૂં. અધિ. ખંભાત નગર પાલિકા
૨	૨૭૮	કડી ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. કડી ન. પા.
૩	૨૭૯	ઓખા ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. ઓખા ન. પા.
૪	૨૮૦	ડભોઈ ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. ડભોઈ ન. પા.
૫	૨૮૧	ભાયાવદર ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. ભાયાવદર ન. પા.
૬	૨૮૨	વડાલી ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. વડાલી ન. પા.
૭	૨૮૩	અમરેલી ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. અમરેલી ન. પા.
૮	૨૮૪	ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૮૧-છ (અંગ્રેજી/ગુજરાતી)	”	ઈલેકશન કમિશન ઓફ ઈન્ડીયા (સા.વ.વિ.)
૯	૨૮૫	ગાંધીધામ ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. ગાંધીધામ ન. પા.
૧૦	૨૮૬	ભૂજ ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. ભૂજ ન. પા.
૧૧	૨૮૭	આમોદ ન. પા. પં. ચૂં. ૨૦૧૪-હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. આમોદ ન. પા.
૧૨	૨૮૮	ડીસી-જાહેરનામુ-વશી-૭૭૪૮-૭૭૮૦-૨૦૧૪	”	જિલ્લા મેજી. ગાંધીનગર
૧૩	૨૮૯	અમદાવાદ મહાનગરપાલિકા પે.ચૂં.-૨૦૧૪- હ. ઉ. યાદી	”	ચૂં. અધિ. અમદાવાદ મહાનગરપાલિકા
૧૪	૨૯૦	જીએસએફસી-એસડબલઈ-સેલ-૫૪મી-એજીએમ-૦૦૧૬૧૬	૪-૧૦-૧૪	ગુ. રાજ્ય નાણાકીય નિગમ
૧૫	૨૯૧	બીવાયઈ-૧૦૧૪-૬૪૨(૨)-છ	૯-૧૦-૧૪	ઈલેકશન કમિશંન ઓફ ઈન્ડીયા (સા.વ.વિ.)
૧૬	૨૯૨	બીવાયઈ-૧૨૧૩-૩૮૪-છ	૧૦-૧૦-૧૪	”
૧૭	૨૯૩	રાચપ-ચટણ-તા.પં.-માંગરોળ-આરઓ-વશી-૧૦૨૦૧૪	૧૦-૧૦-૧૪	રા.ચૂં. આયોગ
૧૮	૨૯૪	અમદાવાદ મ.ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	૧૪-૧૦-૧૪	ચૂં.અધિ.અમદાવાદ ન.પા.

INDEX

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ ભાગ-૪- ક	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧૯	૨૯૫	ડભોઈ ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.ડભોઈ ન.પા.
૨૦	૨૯૬	અમરેલી ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.અમરેલી ન.પા.
૨૧	૨૯૭	ખંભાત ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.ખંભાત ન.પા.
૨૨	૨૯૮	ઓખા ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.ઓખા ન.પા.
૨૩	૨૯૯	આમોદ ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.આમોદ ન.પા.
૨૪	૩૦૦	જંબુસર ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.જંબુસર ન.પા.
૨૫	૩૦૧	ગાંધીધામ ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.ગાંધીધામ ન.પા.
૨૬	૩૦૨	વડાલી ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.વડાલી ન.પા.
૨૭	૩૦૩	ભાયાવદર ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.ભાયાવદર ન.પા.
૨૮	૩૦૪	કડી ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ. કડી ન.પા.
૨૯	૩૦૫	ભૂજ ન.પા. પે. ચૂં. ૨૦૧૪ પરિણામ	”	ચૂં.અધિ.ભૂજ ન.પા.
૩૦	૩૦૬	ડીએમએજી-૧-નોટિસ-વશી-૧૩૧૪૧-૫૫-૧૪	૧૬-૧૦-૧૪	જિલ્લા મેજી. બનાસકાંઠા.
૩૧	૩૦૭	ક્રમાંક : બીવાયઈ-૧૨૧૩-૩૮૫-છ	૧૯-૧૦-૧૪	ઈલેકશન કમિશન ઓફ ઈન્ડીયા (સા.વ.વિ.)

પી. જી. શાહ,
ઈન્ચાર્જ વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

REGISTERED No. L 2/RNP G/GNR/84
વાર્ષિક લવાજમનો દર રૂા.૩૦૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LV] THURSDAY, DECEMBER 4, 2014/AGRAHAYANA 13, 1936 [No. 49

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ધ્વારા
ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ મા) ની
કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ હુકમ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)/વશી.૮૬૦૪ થી ૮૬૩૦/૨૦૧૪.– ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને ઘ.૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ ધ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૧૨-૧૧-૨૦૧૪ ના પત્ર નં. એલઆઈબી-જાહેરનામું-૬૨૨૭/૨૦૧૪, થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું **ડૉ. એમ.ડી. મોડીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં **તા. ૧૬-૧૧-૨૦૧૪ ના રોજ ૦૦-૦૦ કલાકથી તા. ૩૦-૧૧-૨૦૧૪** કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવાનું.

INDEX

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપ અને ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઇ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર / કલોલ / દહેગામ / માણસાએ જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

આજ તા. ૧૪-૧૧-૨૦૧૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

ડૉ. એમ.ડી.મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ધ્વારા
ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ મા) ની
કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ હુકમ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી.૮૬૩૧ થી ૮૬૬૦/૨૦૧૪.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ.. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારુ પ્રતિનિધિ મંડળ ધ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને ઘ.૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ ધ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૧૨-૧૧-૨૦૧૪ ના પત્ર નં. એલઆઇબી-જાહેરનામું-૬૪૫૩-૨૦૧૪ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે

INDEX

વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું **ડૉ. એમ.ડી.મોડીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર** આથી સદરહું વિસ્તારમાં **તા. ૧૬-૧૧-૨૦૧૪ ના રોજ ૦૦-૦૦ કલાકથી તા. ૩૦-૧૧-૨૦૧૪ કલાક ૨૪.૦૦** સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી,રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તરફથી પોલીસ અભિપ્રાય મેળવી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવેલ હોય.

આ જાહેરનામા અન્વયે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે પોલીસ અભિપ્રાય મેળવી સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી ખાસ કિસ્સામાં સ્વવિવેક અનુસાર જાહેર સુલેહ શાંતિ જાળવણીને ધ્યાને લઈને મંજૂરી આપી શકશે.

હું આદેશ કરું છું કે, સદરહુ વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારોમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો પર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપનો નીચે જણાવ્યા સિવાયનો વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે સેક્ટર-૬ ના પોલીસ સ્ટેશનના પાછળના ભાગે એન્ટ્રી રોડને અડીને લગભગ ૭૦મી. x ૫૦ મી. વિસ્તાર.
સરકારી કાર્યક્રમો માટે મહાત્મા મંદિર, સેક્ટર-૧૩,
ટાઉન હોલ સેક્ટર-૧૭, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ,
સેક્ટર-૧૭, સરકીટ હાઉસ, ગાંધીનગર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૪-૧૧-૨૦૧૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

ડૉ. એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

કલેકટર કચેરી, પાટણ દ્વારા

ટેન્ડર નોટીસ (ત્રીજો પ્રયત્ન)

નંબર : રેકર્ડ/વશી./૧૬૭૧ થી ૧૭૧૦/૨૦૧૪.–પાટણ જિલ્લાની રાજ્ય સરકારની કચેરીઓમાંથી વર્ષ ૨૦૧૪-૧૫ માટે અ.બ.ક. વર્ગના રદી પસ્તી કાગળો ઉપાડવાનો ઈજારો આપવાનો હોઈ ટેંડર (ત્રીજો પ્રયત્ન) બહાર પાડવામાં આવે છે. આ કામમાં રસ ધરાવતા વેપારીઓ/એજન્સીઓ કોરા ટેન્ડરો રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) ટેન્ડર ફી કલેકટરશ્રી પાટણના નામે **"૦૦૭૦ અન્ય વહીવટી સેવાઓ"** ના સદરે ચલણથી ભરી તા.૧૩/૧૧/૨૦૧૪ સુધીમાં મેળવી શકાશે. ટેન્ડર ડીપોઝીટની રકમ રૂ. ૩૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) "૮૪૪૩ સીવીલ ડીપોઝીટ" સદરે ભરી તા. ૧૪/૧૧/૨૦૧૪ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં મળી જાય તે રીતે રજિસ્ટર્ડ પોસ્ટ એડીથી અથવા રૂબરૂમાં મોકલી આપવાના રહેશે. ટેંડર ફોર્મ

સીલબંધ કવરમાં હોવા જોઈશે. ટેંડર તા. ૧૮/૧૧/૨૦૧૪ના રોજ સાંજના ૧૬.૦૦ કલાકે નિવાસી અધિક કલેક્ટરશ્રી, પાટણની હાજરીમાં શક્ય થશે તો ખોલવામાં આવશે. ટેંડરની શરતો ટેંડર ફોર્મ સાથે આપવામાં આવશે. ટેંડર મંજુર થયે રૂ. ૧૦,૦૦૦/- સીક્યોરીટી/ડીપોઝીટ ઈજારદારે તુર્ત જ ભરવાની રહેશે. ટેંડર મંજુર કરવું કે રદ કરવાનો આખરી નિર્ણય કલેક્ટરશ્રી પાટણનો રહેશે.

કલેક્ટર કચેરી, પાટણ
નવેમ્બર ૧, ૨૦૧૪.

એચ. એન. ઠક્કર,
કલેક્ટર, પાટણ.

Gujarat State Financel Corporation

Udyog Bhavan, Gandhinagar

NOTIFICATION

Read:

(1) Point No. 8 in the decision taken in the Board of Directors on 16/05/2012

(2) Grant of Permission Letter No. SIDBI- 3I5/GSFC/ Staff Regulations, dated 08/10/2014 from the Small Industries Development Bank of India (SIDBI)

(3) Prior Permission vide letter No. GSFC/102012/1223/P, dated 29/11/2013, from the Industries & Mines Department, Gujarat Government regarding 6 pay commission

In exercise of the powers conferred by Section - 48 of the State Financial Corporation Act, 1951, after due consultation with the Board of Directors of GSFC, having the prior permission from the State Government, on par with the State Government standards, all the employees/ officers of GSFC are extended the benefits of 6th Pay Commission. The pay scale is as pere the prelude (3). The pay scales are enclosed in the Appendix - 'A', dated 01/12/2013.

The amendment in pay scales are carried ouot as per the Circular No. GSFC/102012/1223/P, dated 29/11/2013, from the Industries & Mines Department, Gujarat Government.

Place : Gandhinagar.

Date : 5th November, 2014.

ARVIND AGARWAL

Managing Director.

ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ

ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

જાહેરનામું

વંચાણમાં લીધુ:- (૧) બોર્ડ ઓફ ડીરેક્ટર્સની તા. ૧૬.૦૫.૨૦૧૨ની બેઠકમાં લેવાયેલ નિર્ણયના મુદ્દા નં. ૮

(૨) સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેલવેપમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા (SIDBI) તરફથી મળેલ મંજુરી પત્ર ક્રમાંક નં. SIDBI-3515/GSFC/Staff Regulation. તા.૦૮.૧૦.૨૦૧૪

(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગ તરફથી તેમના પત્ર ક્રમાંક નં. જીએસએફસી/૧૦૨૦૧૨/૧૨૨૩/પી તા. ૨૯.૧૧.૨૦૧૩ છઠ્ઠા પગારપંચ-મળેલ પૂર્વ મંજુરી.

સ્ટેટ ફાયનાન્શીયલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૫૧ની કલમ ૪૮ થી મળેલ સત્તાઓની રૂએ જીએસએફસીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ SIDBI સાથે પરામર્શ કર્યા બાદ અને રાજ્ય સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવીને ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમના કર્મચારીઓ/અધિકારીઓને રાજ્ય સરકારના ધોરણે છઠ્ઠા પગારપંચના ધોરણો મંજુર કરેલ છે. જે પગાર ધોરણો રાજ્ય રાજ્યશ્રીના આમુખ (૩) દર્શાવેલ ધોરણને આધીન છે. આ સાથે (પરી-'અ') થી તા. ૦૧.૧૨.૨૦૧૩ થી મેળવાના થતા પગાર ધોરણો સામેલ છે.

પગાર સુધારો રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગ તરફથી મળેલ પરીપત્ર જીએસએફસી/ ૧૦૨૦૧૨/ ૧૨૨૩/પી. તા.૨૯.૧૧.૨૦૧૩ મુજબ કરવામાં આવેલ છે.

સ્થળ :- ગાંધીનગર.
નવેમ્બર ૧૨, ૨૦૧૪.

અરવિંદ અગ્રવાલ.
વહીવટી સંચાલક.

ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ, ગાંધીનગર
પરિશિષ્ટ-'અ'

ક્રમ	સંવર્ગ	હાલનું પગાર ધોરણ	પેબેન્ડ કોડ	તા.૦૧-૧૨-૨૦૧૩ થી અમલમાં આવતાં પે બેન્ડ	ગ્રેડ-પે
૧	મેનેજર	૧૦૦૦૦-૩૨૫-૧૫૨૦૦	PB 3	૧૫૬૦૦-૩૯૧૦૦	૬૬૦૦
૨	જો. મેનેજર	૮૫૦૦-૨૭૫-૧૪૦૦૦	PB 3	૧૫૬૦૦-૩૯૧૦૦	૫૪૦૦
૩	ડે. મેનેજર	૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૫૪૦૦
૪	ડે. મેનેજર (એકાઉન્ટ)	૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૫૪૦૦
૫	સીનીયર ઓફિસર	૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૪૬૦૦
૬	સીનીયર ઓફિસર (ફીલ્ડ)	૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૪૬૦૦
૭	સીનીયર ઓફિસર(લીગલ)	૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૪૬૦૦
૮	સીનીયર ઓફિસર (એકાઉન્ટ)	૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૪૬૦૦
૯	એકઝેક્યુટીવ સેક્રેટરી	૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૪૬૦૦
૧૦	જુની. ઓફિસર (ફીલ્ડ)	૫૫૦૦-૧૭૫-૯૦૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૪૪૦૦
૧૧	જુની. ઓફિસર	૫૫૦૦-૧૭૫-૯૦૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૪૪૦૦
૧૨	ઓફિસ સેક્રેટરી-૧	૫૫૦૦-૧૭૫-૯૦૦૦	PB 2	૯૩૦૦-૩૪૮૦૦	૪૪૦૦
૧૩	ઓફિસ સેક્રેટરી-૨	૪૦૦૦-૧૦૦-૬૦૦૦	PB 1	૫૨૦૦-૨૦૨૦૦	૨૪૦૦
૧૪	ઓફિસ આસિસ્ટન્ટ	૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦	PB 1	૫૨૦૦-૨૦૨૦૦	૧૯૦૦
૧૫	ડ્રાઈવર	૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦	PB 1	૫૨૦૦-૨૦૨૦૦	૧૯૦૦
	ડ્રાઈવર (2nd HGS SCALE)	૪૫૦૦-૧૨૫-૭૦૦૦	PB 1	૫૨૦૦-૨૦૨૦૦	૨૮૦૦
૧૬	ઓફીસ એટેન્ડન્ટ-૧	૨૬૫૦-૬૫-૩૩૦૦-૭૦-૪૦૦૦	IS	૪૪૪૦-૭૪૪૦	૧૬૫૦
૧૭	ઓફીસ એટેન્ડન્ટ-૨	૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦	IS	૪૪૪૦-૭૪૪૦	૧૪૦૦
૧૮	ઓફીસ એટેન્ડન્ટ-૩	૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦	IS	૪૪૪૦-૭૪૪૦	૧૩૦૦

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR
ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/506/2014/6479.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits **GUJARAT POWER CORPORATION LIMITED, GANDHINAGAR** to pay consolidated amount of stamp duty of Rs.66,668/- (Rupees Sixty Six Thousand Six Hundred Sixty Eight only) on issue of 6,66,680 Equity shares of the face value of Rs.100/- each and having distinctive number from 3,82,07,569.51 to 3,88,74,249.50 to the total face value of Rs.6,66,68,000/- (in physical as well as demat form both inclusive).

21st November, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

INDEX

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સોલ-૫૦૬-૨૦૧૪-૬૪૭૯.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી **ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ, ગાંધીનગરના** કુલ ૬,૬૬,૬૮૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૩,૮૨,૦૭,૫૬૯.૫૧ થી ૩,૮૮,૭૪,૨૪૯.૫૦ સુધીના પ્રત્યેક ઈકવીટી શેર દીઠ રૂ. ૧૦૦/- ની દાર્શનીક કિંમતના ફેસ વેલ્યુ રૂા. ૬,૬૬,૬૮,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૬૬,૬૬૮/- (અંકે રૂા. છાંસઠ હજાર છસો અડસઠ પુરા) ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/515/2014/6477.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits **UTTAR GUJARAT VIJ COMPANY LIMITED, MAHESANA** to pay consolidated amount of stamp duty of Rs.28,39,786/- (Rupees Twenty Eight Lac Thirty Nine Thousand Seven Hundred Eighty Six only) on issue of 4,98,20,795 Equity shares of the face value of Rs.10/- (includes of Rs.47/- Premium per shares Total Premium of Rs.2,34,15,77,365/-) each and having distinctive number from 26,67,10,127 to 31,65,30,921 to the face value of Rs.49,82,07,950/- The total value of Rs.2,83,97,85,315/- (in physical as well as demat form both inclusive).

21st November, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૧૫-૨૦૧૪-૬૪૭૭.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી **ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણાના** કુલ ૪,૯૮,૨૦,૭૯૫ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૨૬,૬૭,૧૦,૧૨૭ થી ૩૧,૬૫,૩૦,૯૨૧ સુધીના પ્રત્યેક ઈકવીટી શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ. ૪૭/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમિયમ રૂ. ૨,૩૪,૧૫,૭૭,૩૬૫/-) કુલ ફેસ વેલ્યુ રૂા. ૪૯,૮૨,૦૭,૯૫૦/- મળી કુલ રૂા. ૨,૮૩,૯૭,૮૫,૩૧૫/- ઉપર સ્ટેમ્પ

INDEX

લાગત રૂા. ૨૮,૩૯,૭૮૬/- (અંકે રૂા. અઠયાવીસ લાખ ઓગણચાલીસ હજાર સાતસો છયાશી પુરા) ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/517/2014/6478.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits **PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED, RAJKOT** to pay consolidated amount of stamp duty of Rs.68,52,303/- (Rupees Sixty Eight Lac Fifty Two Thousand Three Hundred Three only) on issue of 57,10,25,209 Equity shares of the face value of Rs.10/- (includes of Rs.2/- Premium per shares Total Premium of Rs.l,14,20,50,418/-) each and having distinctive number from 1,22,70,20,563 to 1,79,80,45,771 to the face value of Rs.5,71,02,52,090/- The total value of Rs.6,85,23,02,5080/- (in physical as well as demat form both inclusive).

21st November, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૧૭-૨૦૧૪-૬૪૭૮.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટના** કુલ ૫૭,૧૦,૨૫,૨૦૯ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૧,૨૨,૭૦,૨૦,૫૬૩ થી ૧,૭૯,૮૦,૪૫,૭૭૧ સુધીના પ્રત્યેક ઈકવીટી શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ. ૨/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમિયમ રૂ. ૧,૧૪,૨૦,૫૦,૪૧૮/-) ફેસ વેલ્યુ રૂા. ૫,૭૧,૦૨,૫૨,૦૯૦/- મળી કુલ રૂા. ૬,૮૫,૨૩,૦૨,૫૦૮/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૬૮,૫૨,૩૦૩/- (અંકે રૂા. અડસઠ લાખ બાવન હજાર ત્રણસો ત્રણ પુરા) ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/518/2014/6481.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits **GSPC PIPAVAV POWER COMPANY LIMITED, GANDHINAGAR** to pay consolidated amount of stamp duty of Rs.2,18,377/-(Rupees Two Lac Eighteen Thousand Three Hundred Seventy Seven only) on issue of 2,18,37,627 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 43,67,72,937 to 45,86,10,563 to the face value of Rs.21,83,76,270/- (in physical as well as demat form both inclusive).

21st November, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૧૮-૨૦૧૪-૬૪૮૧.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **જીએસપીસી પીપવાવ પાવર લીમીટેડ, ગાંધીનગરના** કુલ ૨,૧૮,૩૭,૬૨૭ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીક્ટીવ નં. ૪૩,૬૭,૭૨,૯૩૭ થી ૪૫,૮૬,૧૦,૫૬૩ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂા. ૨૧,૮૩,૭૬,૨૭૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૨,૧૮,૩૭૭/- (અંકે રૂા. બે લાખ અઢાર હજાર ત્રણસો સિત્યોતેર પુરા) ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/519/2014/6480.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l dated 28/5/87, the Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **GSPC LNG LIMITED, GANDHINAGAR** to pay consolidated amount of stamp duty of Rs.3,82,301/- (Rupees Three Lac Eighty Two Thousand Three Hundred One only) on issue of 3,82,30,060 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 11,64,00,001 to 15,46,30,060 to the total face value of Rs.38,23,00,060/- (in physical as well as demat form both inclusive).

21st November, 2014.

(Sd/-) Illegible,

Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૧૯-૨૦૧૪-૬૪૮૦.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, **ગાંધીનગર જીએસપીસી એલ. એન. જી. લીમીટેડના** કુલ ૩,૮૨,૩૦,૦૬૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૧૧,૬૪,૦૦,૦૦૧ થી ૧૫,૪૬,૩૦,૦૬૦ સુધીના પ્રત્યેક ઈકવીટી શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના ફેસ વેલ્યુ રૂા. ૩૮,૨૩,૦૦,૬૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૩,૮૨,૩૦૧/- (અંકે રૂા. ત્રણ લાખ બ્યાશી હજાર ત્રણસો એક પુરા) ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/520/2014/6476.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1 Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits **GUJARAT URJA VIKAS NIGAM LIMITED, VADODARA** to pay consolidated amount of stamp duty of Rs.2,93,366/- (Rupees Two Lac Ninety Three Thousand Three Hundred Sixty Six only) on issue of 2,93,36,600 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 7,38,04,66,296 to 7,40,98,02,895 to the total face value of Rs.29,33,66,000/- (in physical as well as demat form both inclusive).

21st November, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૨૦-૨૦૧૪-૬૪૭૬.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી **ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાના** કુલ ૨,૯૩,૩૬,૬૦૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૭,૩૮,૦૪,૬૬,૨૯૬ થી ૭,૪૦,૯૮,૦૨,૮૯૫ સુધીના પ્રત્યેક ઈકવીટી શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના ફેસ વેલ્યુ રૂા. ૨૯,૩૩,૬૬,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૨,૯૩,૩૬૬/- (અંકે રૂા. બે લાખ ત્રાણું હજાર છસો અડસઠ પુરા) ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/522/2014/6483.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Bomoay Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l Dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits **SADBHAV ENGINEERING LIMITED, AHMEDABAD** to pay consolidated amount of stamp duty of Rs.9,26,000/- (Rupees Nine Lacs Twenty Six Thousand only) on issue of 80,00,000 Equity shares of the face value of Rs.l/- (includes of Rs. 114.75/- Premium per shares Total Premium of Rs.91,80,00,000/-) each and having distinctive number from 15,18,61,801 to 15,98,61,800 to the face value of Rs.80,00,000/- The total value of Rs.91,80,00,000/- (in physical as well as demat form both inclusive).

21st November, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૨૨-૨૦૧૪-૬૪૮૩.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી **સદભાવ એન્જીનીયરીંગ લીમીટેડ, અમદાવાદના** કુલ ૮૦,૦૦,૦૦૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૧૫,૧૮,૬૧,૮૦૧ થી ૧૫,૯૮,૬૧,૮૦૦ સુધીના પ્રત્યેક ઈકવીટી શેર દીઠ રૂ. ૧/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ. ૧૧૪.૭૫/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમીયમ રૂ. ૯૧,૮૦,૦૦,૦૦૦/-) ફેસ વેલ્યુ રૂા. ૮૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૯૨,૬૦,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૯,૨૬,૦૦૦/- (અંકે રૂા. નવ લાખ છવ્વીસ હજાર પુરા) ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/523/2014/6482.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-I Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar here by permits **ERONKAN TECHNOLOGIES PRIVATE LIMITED, AHMEDABAD** to pay consolidated amount of stamp

INDEX

duty of Rs.100/- (Rupees One Hundred only) on issue of 10,000 Equity shares of the face value of Rs.10/-each and having distinctive number from 1 to 10,000 to the face value of Rs. 1,00,000/- (in physical as well as demat form both inclusive).

21st November, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૨૩-૨૦૧૪-૬૪૮૨.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-૫૨ચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **ઈરોન્કાન ટેકનોલોજીસ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદના** કુલ ૧૦,૦૦૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૧ થી ૧૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂા. ૧,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૧૦૦/- (અંકે રૂા. એકસો પુરા) ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

REGISTERED No. L 2/RNP G/GNR/84
વાર્ષિક લવાજમનો દર રૂા.૩૦૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LV] THURSDAY, DECEMBER 11, 2014/AGRAHAYANA 20, 1936 [No. 50

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ધ્વારા
ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ મા) ની
કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ હુકમ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)/વશી.૮૯૬૪ થી ૮૯૯૩/૨૦૧૪.– ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને ઘ.૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ ધ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૨૮-૧૧-૨૦૧૪ ના પત્ર નં. એલઆઈબી-જાહેરનામું-૬૭૩૫/૨૦૧૪, થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું **ડૉ. એમ.ડી. મોડીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં **તા. ૦૨-૧૨-૨૦૧૪ ના રોજ ૦૦-૦૦ કલાકથી તા. ૧૬-૧૨-૨૦૧૪** કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

INDEX

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપ અને ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઇ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર / કલોલ / દહેગામ / માણસાએ જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

આજ તા. ૦૧-૧૨-૨૦૧૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

ડૉ. એમ.ડી.મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ધ્વારા
ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨ મા) ની
કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ હુકમ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી. ૮૯૯૪ થી ૯૦૨૪/૨૦૧૪.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારુ પ્રતિનિધિ મંડળ ધ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને ઘ.૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ ધ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૨૮-૧૧-૨૦૧૪ ના પત્ર નં. એલઆઇબી-જાહેરનામું-૬૭૩૫-૨૦૧૪ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું **ડૉ. એમ.ડી.મોડીયા,**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તા. **૦૨-૧૨-૨૦૧૪ ના રોજ ૦૦-૦૦ કલાકથી તા. ૧૬-૧૨-૨૦૧૪ કલાક ૨૪.૦૦** સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તરફથી પોલીસ અભિપ્રાય મેળવી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવેલ હોય.

આ જાહેરનામા અન્વયે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે પોલીસ અભિપ્રાય મેળવી સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી ખાસ કિસ્સામાં સ્વવિવેક અનુસાર જાહેર સુલેહ શાંતિ જાળવણીને ધ્યાને લઇને મંજૂરી આપી શકશે.

હું આદેશ કરું છું કે, સદરહુ વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારોમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો પર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપનો નીચે જણાવ્યા સિવાયનો વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે સેકટર-૬ ના પોલીસ સ્ટેશનના પાછળના ભાગે એન્ટ્રી રોડને અડીને લગભગ ૭૦મી. x ૫૦ મી. વિસ્તાર.
સરકારી કાર્યક્રમો માટે મહાત્મા મંદિર, સેક્ટર-૧૩,
ટાઉન હોલ સેક્ટર-૧૭, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ,
સેક્ટર-૧૭, સરકીટ હાઉસ, ગાંધીનગર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૧-૧૨-૨૦૧૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

ડૉ. એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

REGISTERED No.L2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LV] THURSDAY, DECEMBER 18, 2014/AGRAHAYANA 27, 1936 [No. 51

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ધ્વારા

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ હુકમ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)/વશી.૮૬૦૪ થી ૮૬૩૦/૨૦૧૪.–ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને ઘ.૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ / ધ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૧૨-૧૧-૨૦૧૪ ના પત્ર નં. એલઆઈબી-જાહેરનામું-૬૨૨૭/૨૦૧૪ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું **ડૉ. એમ.ડી. મોડીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં **તા. ૧૬-૧૧-૨૦૧૪ ના રોજ ૦૦-૦૦ કલાકથી તા. ૩૦-૧૧-૨૦૧૪ કલાક ૨૪.૦૦** સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

INDEX

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપ અને ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઇ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસાએ જેઓને શારીરીક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

આજ તા. ૧૪-૧૧-૨૦૧૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

ડૉ. એમ.ડી.મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ધ્વારા
ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧ના મુંબઇ ૨૨મા) ની
કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ હુકમ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી.૮૬૩૧ થી ૮૬૬૦/૨૦૧૪.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઇમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારુ પ્રતિનિધિ મંડળ ધ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઇ અને ઘ.૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ ધ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઇ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, એલ.આઇ.બી., પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૧૨-૧૧-૨૦૧૪ ના પત્ર નં. એલઆઇબી-જાહેરનામું-૬૪૫૩-૨૦૧૪ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઇ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂઇએ હું **ડૉ. એમ.ડી.મોડીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર** આથી સદરહું વિસ્તારમાં **તા. ૧૬-૧૧-૨૦૧૪ ના રોજ ૦૦-૦૦ કલાકથી તા. ૩૦-૧૧-૨૦૧૪ કલાક ૨૪.૦૦** સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા, કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઇ ફરમાવું છું.

INDEX

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(3) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તરફથી પોલીસ અભિપ્રાય મેળવી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવેલ હોય.

આ જાહેરનામા અન્વયે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે પોલીસ અભિપ્રાય મેળવી સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી ખાસ કિસ્સામાં સ્વવિવેક અનુસાર જાહેર સુલેહ શાંતિ જાળવણીને ધ્યાને લઇને મંજૂરી આપી શકશે.

હું આદેશ કરું છું કે, સદરહુ વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારોમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો પર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપનો નીચે જણાવ્યા સિવાયનો વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે સેક્ટર-૬ ના પાછળના ભાગે એન્ટ્રી રોડને અડીને લગભગ ૭૦મી. x ૫૦ મી. વિસ્તાર.

સરકારી કાર્યક્રમો માટે મહાત્મા મંદિર, સેક્ટર-૧૩,

ટાઉન હોલ સેક્ટર-૧૭, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ,

સેક્ટર-૧૭, સરકીટ હાઉસ, ગાંધીનગર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૪-૧૧-૨૦૧૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

ડૉ. એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, ગાંધીનગર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

હુકમ

ક્રમાંક : ડીસી/જાહેરનામું/વશી/૮૯૨૧ થી ૮૯૫૦/૨૦૧૪.-- પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે તા.૨૬-૦૮-૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ એલસીબી/જાહેરનામું/૨૯૪૮/૨૦૧૪ થી ગાંધીનગર જિલ્લામાં આમ જનતાને રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી લૂંટી જવાના બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે. જેમાં રીક્ષામાં રીક્ષા ડ્રાઈવર ઉપરાંત તેના સાગરીતો પણ પેસેન્જર તરીકે અગાઉથી બેઠેલા હોય છે. જે સાગરીતો પૈકી મહીલા સાગરીતો પણ હોય છે, તેમજ આવા બનાવોમાં ભોગ બનનાર વ્યક્તિઓની પૂછપરછ દરમ્યાન જાણવા મળેલ છે કે, રીક્ષા નંબર અને રીક્ષા ચાલકનો ચહેરો સંપૂર્ણ યાદ હોતો નથી. જેથી આવા ગુન્હાઓ શોધવામાં અને સાચા ગુનેગારોને પકડવામાં ઓછી સફળતા પ્રાપ્ત થાય છે.

હાલમાં આજના આધુનિક યુગમાં મોટા ભાગે તમામ વ્યક્તિઓ મોબાઈલનો ઉપયોગ કરે છે. જેમાં કેમેરાની સુવિધા હોય તેવા મોબાઈલ વધુ ઉપયોગ કરતા હોય છે. જેથી ઉક્ત બાબતોને ધ્યાને લેતાં, ગાંધીનગર જિલ્લાની તમામ રીક્ષાઓમાં ડ્રાઈવર શીટની પાછળ રીક્ષા ડ્રાઈવરનો ફોટો, તેમનું નામ, સરનામું અને રીક્ષાનો રજિસ્ટ્રેશન નંબર લખેલ હોય તો, રીક્ષામાં પેસેન્જર તરીકે બેઠેલ વ્યક્તિને કંઈક શંકાસ્પદ લાગતાં, પોતાની પાસે રહેલ મોબાઈલ વડે ફોટો પાડી શકે છે અથવા યાદ રાખી શકે છે. જેથી પેસેન્જર તરીકે બેઠેલ વ્યકિત સાથે કોઇ અણબનાવ બને તો તે વ્યક્તિ ધ્વારા પાડવામાં આવેલ ફોટા ધ્વારા કે સચોટ

વર્ણન આધારે જે તે રીક્ષાને આરોપીઓ સુધી સહેલાઈથી પહોંચી શકાય. આ હકીકતો ધ્યાને લેતાં ગાંધીનગર જિલ્લામાં ફરતી તમામ રીક્ષાના ડ્રાઈવરો, ડ્રાઈવર સીટની પાછળના ભાગે પોતાનો ફોટો, નામ, સરનામું અને રીક્ષાનો રજિસ્ટ્રેશન નંબર અવશ્ય રાખે, તે રીતે દિન-૬૦ માટે અમલ રહે તે પ્રમાણેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જેથી હું રવિશંકર (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં ફરતી તમામ રીક્ષાના ડ્રાઈવર્સએ ડ્રાઈવર સીટની પાછળના ભાગે ડ્રાઈવરનો ફોટો, નામ, સરનામું અને રીક્ષાનો રજિસ્ટ્રેશન નંબર અવશ્ય રાખવો.

આ હુકમ તા. ૨૮-૧૧-૨૦૧૪ થી તા. ૨૬-૦૧-૨૦૧૪ (બંને દિવસો સુધ્ધાંત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર તથા જિલ્લાના તમામ સીનેમાગૃહો, વિડીયોગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ ધ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૨૭-૧૧-૨૦૧૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

૨૭મી નવેમ્બર, ૨૦૧૪.
ગાંધીનગર

રવિશંકર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

હુકમ

ક્રમાંક : ડીસી/વશી/૯૦૮૫ થી ૯૧૧૦/૨૦૧૪.-- ગુપ્તચર એજન્સીઓ તરફથી સમયાંતરે મળતા ઈનપુટોને ધ્યાને રાખી ગાંધીનગર ખાતે આવેલ માન. રાજ્યપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, માન મંત્રીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવશ્રીઓના નિવાસસ્થાન, વિધાનસભા, ગુજરાત રાજ્યની અગત્યની સરકારી કચેરીઓની સુરક્ષા વ્યવસ્થા, જાળવવી ખુબ જ જરૂરી છે. તેમજ ગાંધીનગર શહેર/જિલ્લા વિસ્તારમાં બનતા ધાડ, લુંટ, ખુન, ઘરફોડી ચોરી જેવા મિલ્કત વિરૂધ્ધના અને શરીર સંબંધિ ખુબ જ ગંભીર પ્રકારના ગુન્હાઓમાં ઘણી વખતે ગાંધીનગર ખાતે બહારથી પરપ્રાંતના મજુરી અર્થે કે કર્મચારી તરીકે આશરો મેળવી પોતાની પ્રવૃત્તિને અંજામ આપી જતા રહેતા હોવાનું અમુક બનાવો થી તેમજ અનુભવે જણાવેલ છે. જેમાં મહંદઅંશે આવા મજુરો પરપ્રાંતના હોય છે. તેઓ વિશે માલિક પાસે અગર તો પોલીસ પાસે માહિતી હોતી નથી. જેના પરીણામે તેઓને પકડવાનું મુશ્કેલભર્યુ બને છે. તેમજ આવા મજુરો ઉપર વોચ રાખી શકાતી નથી અને આવા મજુરો/કામદારોને રાખનાર માલિકો આવા મજુરોની માહિતી રાખવા અને પોલીસને માહિતી આપવા બાબતે ગંભીર હોતા નથી.

આમ, ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લઈ, આમ જનતાની સુરક્ષા વ્યવસ્થા સારૂ અને ઉપર મુજબના ગંભીર પ્રકારના ગુન્હાઓ બનતા અટકાવવા તથા તેના આરોપીઓ સુધી સહેલાઈથી પહોંચી શકાય તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે તા. ૦૭-૧૧-૨૦૧૪ના પત્ર ક્રમાંક : એલ.સી.બી./જા.નામુ/૩૮૪૧/૧૪ થી વિનંતી કરેલ છે.

જેથી હું રવિશંકર (આઇ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તાર (ગાંધીનગર શહેર સહિત) ના બિલ્ડરો, હોટેલ/રેસ્ટોરન્ટના માલિકો, તમામ શો-રૂમના માલિકો, જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કે અન્ય જગ્યાએ આવેલ કંપની/કારખાના માલિકો, સ્કુલ/કોલેજના સંચાલકો, કોઈપણ ધર્મની ધર્મશાળા/ધર્મ સ્થળના સંચાલકો, મલ્ટીપ્લેક્ષ થિયેટર/શોપીંગ મોલના સંચાલકો,

દુકાન માલિકો (કે જેઓ પોતાના તાબા હેઠળ કર્મચારી/મજુરો રાખી કામ કરતા હોય), આંગડીયા પેઢીના માલિકો, જવેલર્સની દુકાનના માલિકો, કુરીયર કંપનીના માલિકો, કોઈપણ વસ્તુની એજન્સી લેનાર વ્યક્તિ, લેબર કોન્ટ્રાકટ રાખનાર વ્યક્તિઓ, જ્યારે કોઈપણ વ્યક્તિને મજૂર/કામદાર તરીકે રાખવામાં આવે ત્યારે તે અંગેની જાણ નીચેના પરિશિષ્ટ-'A' મુજબ સંબંધીત પોલીસ સ્ટેશનમાં કરવા તથા પરિશિષ્ટ-'A' મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

આ હુકમ તા. ૦૩-૧૨-૨૦૧૪ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૨-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

પરિશિષ્ટ-'A'

કામદારો / મજુરોની વિગત માટે નિભાવવાનું રજીસ્ટર

મજૂરનું પૂરૂ નામ સરનામું /સંપર્ક નં.	મજૂરનું ગાંધીનગર જિલ્લાનું સરનામું	તેની સાથેના વ્યક્તિની વિગત	જેને ત્યાં મજુર તરીકે કામ કરતા હોય તે માલિકનું નામ/ સરનામું (એકથી વધારે હોય તો તમામ)	બાંહેધરી અગર જેની ઓળખાણ થી મજૂરને રાખેલ હોય તેનું પૂરૂ નામ/સરનામું સંપર્ક નંબર	અગાઉ મજૂર તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ/ સરનામું	ગાંધીનગર જિલ્લામાં ઓળખીતાના નામ/સરનામા તથા સંપર્ક નંબર	વતનનું સરનામું પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં રહેતા તેના ભાઈ, બહેન, માતા, પિતાના નામો, સંપર્ક નંબર	પરણિત હોય તો સાસરીનું નામ, સરનામું, સંપર્ક નંબર	રસોઈયા (વેઈટર)નું ચહેરા નિશાન, ઉ.વ., ઉંચાઈ વર્ણન, અભ્યાસ વગેરે (ઓળખી શકાય તેવી નિશાનીઓ)	લેબર કોન્ટ્રાકટરનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

ગાંધીનગર
૨જી ડિસેમ્બર, ૨૦૧૪.

રવિશંકર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : ડીસી/જાહેરનામું/વશી/૯૧૧૧ થી ૯૧૪૩/૨૦૧૪.-- ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાતુ હોઈ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે તેઓના તા. ૧૮-૧૧-૨૦૧૪ના પત્ર નં. એસઓજી/મ.ભા./જાહેરનામું/૧૪૬૦/૨૦૧૪થી જરૂરી દરખાસ્ત મોકલેલ છે.

જેથી હું રવિશંકર (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ હોય તેવી વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે અથવા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને દિન-૧૫માં સત્વરે જાણ કરવાની રહેશે, ભાડે આપેલ મકાન, ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હો, તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમોમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન/દુકાન/ ઓફીસ/શોપીંગ મોલ/વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટીના માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત, કયા વિસ્તારમાં કેટલું બાંધકામ	મકાન/દુકાન/ ઓફીસ/ શોપીંગ મોલ/વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટી ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું	મકાન/દુકાન/ ઓફીસ / શોપીંગ મોલ/વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટી ક્યારે ભાડે આપેલ છે, ભાડાની વિગત સાથે કેટલા સમય માટે	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે, તેમાં રહેનાર તમામ વ્યક્તિના પાકા નામ, સરનામા સાથે	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ, સરનામું	મકાન/દુકાન/ ઓફીસ/શોપીંગ મોલ/વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટીના માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.

આ હુકમ તા. ૦૩-૧૨-૨૦૧૪ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ (બંને દિવસો સુધ્ધાંત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામ વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર તથા જિલ્લાના તમામ સિનેમાગૃહો, વિડીયોગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૦૨-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ગાંધીનગર
૨જી ડિસેમ્બર, ૨૦૧૪.

રવિશંકર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું જાહેરનામું

ક્રમાંક : ડી.સી./ટ્રાફિક નિયમન/૯૧૪૪-૯૧૫૭/૨૦૧૪.--કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ-૩ ગાંધીનગરના તા. ૨૦-૧૧-૨૦૧૪ના પત્ર નં. પીબી-૧-૬૫૨૪-૨૦૧૪ની વિગતે ખારી નદીના પુલની કામગીરી ચાલુમાં હોઈ દહેગામ-નાંદોલ-હાલીસા-છાલા રોડ (એસ.એચ-૧૯૨) ટ્રાફિક માટે બંધ કરવાના હોઈ જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

ખારી નદીના પુલની કામગીરી ચાલુમાં હોઈ રસ્તા ઉપર આવનાર ટ્રાફિક વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવો જાહેર હિતમાં આવશ્યક જણાતું હોઈ, હું રવિશંકર, (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ તા. ૨૦-૦૨-૨૦૧૫ સુધી દહેગામ-નાંદોલ-હાલીસા-છાલા રોડ (એસ.એચ.-૧૯૨)ના કી.મી. ૫/૦ થી ૫/૪ નાંદોલ-સાણોદાનો રસ્તો ટ્રાફિક માટે બંધ કરવા આથી હુકમ કરૂં છું.

આ રસ્તો બંધ થવાથી ટ્રાફિક માટેની વૈકલ્પિક વ્યવસ્થા નીચે મુજબ રહેશે.

(૧) દહેગામ-નાંદોલ થી છાલા જવા માટે નાંદોલ-સલકી-વર્ધાના મુવાડા-ધારીસણાથી હાલીસા ગીયોડ છાલા તરફ જઈ શકાશે.

(૨) સાણોદાથી દહેગામ તરફ જવા ધારીસણા બ્રિજથી ધારીસણા વર્ધાના મુવાડા સલકીથી નાંદોલ દહેગામ તરફ જઈ શકાશે.

(૩) સાણોદાથી દહેગામ તરફ જવા મોટા ઈસનપુર મગોડી થઈ દહેગામ તરફ જઈ શકાશે.

સદરહુ હુકમ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

વધુમાં હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો તથા સદરહું વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિધ્ધ કરી અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવાનો રહેશે.

આજ તા. ૦૨-૧૨-૨૦૧૪ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

ગાંધીનગર
૨જી ડિસેમ્બર, ૨૦૧૪.

રવિશંકર,
જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર.

NOTIFICATION

No.C.3001/2005

The Honourable the Acting Chief Justice has been pleased to designate the following Officials as the Appellate Authority, Public Information Officer and the Assistant Public Information Officer as required under Sub-Sections (1) and (2) of Section 5 as well as sub-Section (1) of Section 19 of 'The Right to Information Act, 2005', for the Family Courts at Bharuch and Jamnagar.:-

Public Authority	Appellate Authority	Public Information Officer	Assistant Public Information Officer
Family Court, Bharuch.	Principal Judge, Family Court, Bharuch.	Registrar, Family Court, Bharuch.	Head Clerk, Family Court, Bharuch.
Family Court, Jamnagar.	Principal Judge, Family Court, Jamnagar.	Registrar, Family Court, Jamnagar.	Head Clerk, Family Court, Jamnagar.

HIGH COURT OF GUJARAT,
SOLA AHMEDABAD-380 060.
DATE DECEMBER 4th, 2014.

sd/- Illegible,
REGISTRAR GENERAL.

કલેકટર કચેરી, મહેસાણા

નં. જમીન/એનએ/વશી/૩૯૪૨ થી ૩૯૮૮/૨૦૧૪

તા. ૨૩-૯-૨૦૧૪

વંચાણમાં લીધું :-

(૧) અત્રેના જાહેરનામા નં. જમીન/એનએ/વશી/૫૦૨૭ થી ૫૦૪૬/૨૦૦૮ તા. ૧૫-૧૦-૨૦૦૮

(૨) અત્રેના જાહેરનામા નં. જમીન/એનએ/વશી/૫૫૮૮/૨૦૦૮ તા. ૧૦-૧૧-૨૦૦૮

(૩) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનું તા. ૧૩-૨-૨૦૦૯નું જાહેરનામું

જાહેરનામું

આમુખ-૧ના અત્રેના તારીખ ૧૫-૧૦-૦૮ના જાહેરનામાથી વિભાગના મહેસુલ વિભાગના તા. ૨૬-૧૨-૧૩ના જાહેરનામાંથી વસ્તીના ધોરણે વર્ગીકૃત કરેલ ગામોના વર્ગ મુજબ રહેણાંક હેતુ તથા તે ઉપરાંત અન્ય હેતુના બીનખેતીના ઉપયોગ માટે દર ચો.મી. દીઠ વસુલ લેવા પાત્ર બિનખેતી દર તા. ૧-૮-૦૭ થી અમલી થાય તે મુજબ નક્કી કરેલ છે.

તેમજ, આમુખ-૨ના તા. ૧૦-૧૧-૦૮ જાહેરનામાંથી મહેસુલ વિભાગના તા. ૧-૭-૦૮ના ઠરાવથી ખેતી વિષયક જમીનનું બિનખેતી વિષયક ઉપયોગ કરવાની પરવાનગી આપવા અંગેના તેમજ બિનખેતી આકાર, રૂપાંતર કર નક્કી કરવા અંગેના તેમજ દંડની કાર્યવાહી કરવા જે તે સક્ષમ સત્તા અધિકારીશ્રી નક્કી કરેલ છે.

હવે, સને-૨૦૧૧ની વસતી ગણતરી અનુસાર જિલ્લાના મહેસુલી ગામોની વસતી ગણતરી મુજબની વસતીની વિગતો જાહેર થયેલ છે. જેથી તેવી વસતીની વિગતો આધારીત બિનખેતી દરો વસુલ લેવા તેમજ બિ.પ. ના અધિકૃત સત્તા અધિકારી નક્કી કરવાનું યોગ્ય થાય છે. આ માટે જિલ્લાની ન.પા.ઓની સને. ૨૦૧૧ વસતીની વિગતો મુજબ મહેસાણા ન.પા. વિસ્તારની વસતી ૧,૯૦,૭૫૩ની એટલે કે એક લાખ ઉપરની છે. જ્યારે અન્ય ન.પા.ઓની વસતી એક લાખની મર્યાદા કરતા ઓછી છે જે જોતા અત્રેના આમુખ-૧ના તા. ૧૫-૧૦-૦૮ના જાહેરનામાંથી બિનખેતીના દરો વસુલ લેવા માટે કરેલ આદેશ અન્વયેના દરમાં ફેરફાર થતો ન હોય તેવી વિગતો યથાવત રહે છે. પરંતુ, આમુખ(૩) ના જાહેરનામાંથી કડી તાલુકાના જે-૧૬ ગામોનો અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) માં સમાવેશ થયેલ છે, તે ગામો માટેના બિનખેતી દરમાં બિનખેતી દરની વસુલાત બાબતે તેવા ગામોને વર્ગ- 'A' ના ગામો ગણીને વસુલાત કરવાની થાય છે.

આ માટે મહેસુલ વિભાગના તા. ૨૧-૬-૦૭ ના જાહેરનામાં મુજબ જિલ્લાના ગામોનો નીચે પ્રમાણે વર્ગવાર વર્ગીકરણ કરવામાં આવે છે.

વર્ગ- 'A' ⇨	અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળમાં સમાવેશ કડી તાલુકાના આદરજ, આંબલીયારા, ચંદ્રાસણ, કુલેત્રા, જેતપુર, કણઝરી, કરશનપુરા, લુણાસણ, મેરડા સેફડા, થોળ વડાવી, વણસોલ, વામજ, યશવંતપુરા, ઝાલોડા.
વર્ગ- 'B' ⇨	મહેસાણા જિલ્લાની તમામ નગરપાલીકાઓ
વર્ગ- 'C' ⇨	ઉપર જણાવેલ વર્ગ-'એ' તથા વર્ગ-'બી' સિવાયનો વિસ્તાર

ઉક્ત વિગતે આ કામે નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

(૧) મહેસાણા જિલ્લાના ઉપર પ્રમાણે વર્ગીકૃત કરેલ વર્ગ-'એ', 'બી', 'સી' ના ગામો અંગે વસુલ લેવા પાત્ર બિનખેતીનો દર નીચે મુજબ ચો.મી. દીઠ નક્કી કરવામાં આવે છે.

શહેર/ગામનો વર્ગ	રહેણાંક/ચેરીટેબલ અને શૈક્ષણિક હેતુ	ઈંટ ઉત્પાદન અને ઔદ્યોગિક હેતુ	વાણિજ્ય અને બીજો ઉપયોગ
'એ'	૨૫ પૈસા	૪૦ પૈસા	૬૦ પૈસા
'બી'	૧૫ પૈસા	૨૫ પૈસા	૩૦ પૈસા
'સી'	૧૦ પૈસા	૧૦ પૈસા	૧૫ પૈસા

તેમજ આમુખ-(૨) ના તા. ૧૦-૧૧-૦૮ના અત્રેના જાહેરનામાંથી મહેસુલ વિભાગના તા. ૧-૭-૦૮ના ઠરાવ અન્વયે અત્રેથી બિનખેતી પરવાનગી આપવા અંગે બિનખેતી આકાર તથા રૂપાંતર કર નક્કી કરવા તેમજ દંડનીય કાર્યવાહી કરવા જે વિસ્તારો માટે જે સક્ષમ સત્તાધિકારી તરીકે નક્કી કરેલ છે. તે અંગે, હવે જે તે ગામની સને ૨૦૧૧ ની વસતી મુજબ ૫૦૦૦ થી વધુ વસતી ધરાવતા ગામોની વિગતો ધ્યાને લઈ જે તે બિનખેતી પરવાનગી અંગેની સક્ષમ ઓથોરીટીએ કાર્યવાહી અનુસરવાની રહેશે.

સહી/- **લોચન સેહરા,**
કલેકટર મહેસાણા.

કલેક્ટર, મહેસાણા.
તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૪

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

REGISTERED No. L 2/RNP G/GNR/84
વાર્ષિક લવાજમનો દર રૂ.૩૦૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LV] THURSDAY, DECEMBER 25, 2014/PAUSA 4, 1936 [No. 52

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/535/2014/6708.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1, dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits FM PBW BEARINGS PRIVATE LIMITED, RAJKOT to pay consolidated amount of stamp duty of Rs.90,001/- (Rupees Ninety Thousand One only) on issue of 29,500 Equity shares of the face value of Rs.10/-(includes of Rs.3040.85/- Premium per shares Total Premium of Rs.8,97,05,075/-) each and having distinctive number from 2,65,501 to 2,95,000 to the face value of Rs.2,95,000/- The total value of Rs.9,00,00,075/-(in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૩૫-૨૦૧૪-૬૭૦૮.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-૫રચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી **એફ. એમ. પી.બી.ડબલ્યુ. બેરિંગ્સ પ્રાઈવેટ લીમીટેડ**, રાજકોટના કુલ ૨૯,૫૦૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૨,૬૫,૫૦૧ થી ૨,૯૫,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂા. ૩૦૪૦.૮૫/- પ્રિમિયમ લેખે કુલ

INDEX

પ્રિમિયમ રૂા. ૮,૯૭,૦૫,૦૭૫/-) કુલ ફેસ વેલ્યુ રૂા. ૨,૯૫,૦૦૦/- મળી કુલ રૂા. ૯,૦૦,૦૦,૦૭૫/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૯૦,૦૦૧/- અંકે નેવું હજાર એક પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR
ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/407/2014/6709.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l Dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar here by permits RAGHUPATI POLYESTERS PRIVATE LIMITED, SURAT to pay consolidated amount of stamp duty of Rs.4,500/- (Rupees Four Thousand Five Hundred only) on issue of 4,50,000 Equity shares of the face value of Rs.10/-each and having distinctive number from 10,001 to 4,60,000 to the face value of Rs.45,00,000/- (in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર
હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૪૦૭-૨૦૧૪-૬૭૦૯.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઇના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **રઘુપતી પોલિએસ્ટર્સ પ્રાઈવેટ લીમીટેડ, સુરતના** કુલ ૪,૫૦,૦૦૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૧૦,૦૦૧ થી ૪,૬૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂા. ૪૫,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૪,૫૦૦/- અંકે રૂા. ચાર હજાર પાંચસો પુરા ની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR
ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/461/2014/6710.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l, Dated 28/5/87, The

Superintendent of Stamps , Gujarat State, Gandhinagar here by permits PLASTENE FLEXIBLE PRIVATE LIMITED, AHMEDABAD to pay consolidated amount of stamp duty of Rs.100/- (Rupees One Hundred only) on issue of 10,000 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 50,001 to 60,000 to the face value of Rs. 1,00,000/- (in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૪૬૧-૨૦૧૪-૬૭૧૦.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **પ્લાસ્ટેન ફ્લેક્સિબલ્સ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદના** કુલ ૧૦,૦૦૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૫૦,૦૦૧ થી ૬૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂા. ૧,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૧૦૦/- અંકે રૂા. એકસો પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/491/2014/6711.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar here by permits AMBA TOWNSHIP PRIVATE LIMITED, AHMEDABAD to pay consolidated amount of stamp duty of Rs.4,800/- (Rupees Four Thousand Eight Hundred only) on issue of 4,80,000 Equity shares of the face value of Rs.10-/ each and having distinctive number from 20,001 to 5,00,000 to the face value of Rs.48,00,000/- (in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૪૯૧-૨૦૧૪-૬૭૧૧.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-

પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **અંબા ટાઉનશીપ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદના** કુલ ૪,૮૦,૦૦૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૨૦,૦૦૧ થી ૫,૦૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂા. ૪૮,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૪,૮૦૦/- અંકે રૂા. ચાર હજાર આઠસો પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

પમી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/429/2014/6712.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l, Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar here by permits DURHAM SPINTEX & HOLDINGS PRIVATE LIMITED, AHMEDABAD to pay consolidated amount of stamp duty of Rs. 1,15,962/-(Rupees One Lac Fifteen Thousand Nine Hundred Sixty Two only) on issue of 11,59,620 Equity shares of the face value of Rs.100/- each and having distinctive number from 1 to 11,59,620 to the face value of Rs.l 1,59,62,000/-(in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૪૨૯-૨૦૧૪-૬૭૧૨.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, **ગાંધીનગર દુરહામ સ્પિનટેક્ષ એન્ડ હોલ્ડીંગ્સ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદના** કુલ ૧૧,૫૯,૬૨૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૧ થી ૧૧,૫૯,૬૨૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂા. ૧૧,૫૯,૬૨,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૧,૧૫,૯૬૨/- અંકે રૂા. એક લાખ પંદર હજાર નવસો બાસઠ પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

પમી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/532/2014/6713.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue

Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1, dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits PICCOLO MOSAIC LIMITED, AHMEDABAD to pay consolidated amount of stamp duty of Rs.7,150/- (Rupees Seven Thousand One Hundred Fifty only) on issue of 1,80,000 Equity shares of the face value of Rs.10/- (includes of Rs.29.72/- Premium per shares Total Premium of Rs.53,49,600/-) each and having distinctive number from 42,50,001 to 44,30,000 to the face value of Rs. 18,00,000/- The total value of Rs.71,49,600/-(in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૩૨-૨૦૧૪-૬૭૧૩.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **પિકોલો મોઝેઈક લીમીટેડ, અમદાવાદના** કુલ ૧,૮૦,૦૦૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૪૨,૫૦,૦૦૧ થી ૪૪,૩૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂા. ૨૯.૭૨/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમિયમ રૂા. ૫૩,૪૯,૬૦૦/-) કુલ ફેસ વેલ્યુ રૂા. ૧૮,૦૦,૦૦૦/- મળી કુલ રૂા. ૭૧,૪૯,૬૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૭,૧૫૦/- (અંકે રૂા. સાત હજાર એકસો પચાસ પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/488/2014/6714.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1, dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits GEMSTONE GLASS PRIVATE LIMITED, MEHSANA to pay consolidated amount of stamp duty of Rs. 1,35,198/- (Rupees One Lac Thirty Five Thousand One Hundred Ninety Eight only) on issue of 34,80,000 Equity shares of the face value of Rs.10/- (includes of Rs.28.85/- Premium per shares Total Premium of Rs. 10,03,98,000/-) each and having distinctive number from 40,00,001 to 74,80,000 to the face value of Rs.3,48,00,000/- The total value of Rs. 13,51,98,000/- (in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૪૮૮-૨૦૧૪-૬૭૧૪.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઇના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **જેમસ્ટોન ગ્લાસ પ્રાઈવેટ લીમીટેડ, મહેસાણાના** કુલ ૩૪,૮૦,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૪૦,૦૦,૦૦૧ થી ૭૪,૮૦,૦૦૦ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ. ૨૮.૮૫/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમીયમ રૂ. ૧૦,૦૩,૯૮,૦૦૦/-) કુલ ફેસ વેલ્યુ રૂા. ૩,૪૮,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૧૩,૫૧,૯૮,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૧,૩૫,૧૯૮/- અંકે રૂા. એક લાખ પાંત્રીસ હજાર એકસો અઠ્ઠાણું પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/530/2014/6715.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l, dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits SINTEX INDUSTRIES LIMITED, KALOL to pay consolidated amount of stamp duty of Rs.3,68,226/- (Rupees Three Lac Sixty Eight Thousand Two Hundred Twenty Six only) on issue of 56,01,236 Equity shares of the face value of Rs.l/- (includes of Rs.64.74/- Premium per shares total Premium of Rs.36,26,24,019/-) each and having distinctive number from 35,70,56,358 to 36,26,57,593 to the face value of Rs.56,01,236/- The total value of Rs.36,82,25,255/-(in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૩૦-૨૦૧૪-૬૭૧૫.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઇના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીસ લીમીટેડ, કલોલના** કુલ ૫૬,૦૧,૨૩૬ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૩૫,૭૦,૫૬,૩૫૮ થી ૩૬,૨૬,૫૭,૫૯૩ સુધીના

પ્રત્યેક શેર દીઠ રૂ. ૧/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ. ૬૪.૭૪/- પ્રિમિયમ લેખે કુલ પ્રીમીયમ રૂ. ૩૬,૨૬,૨૪,૦૧૯/-) કુલ ફેસ વેલ્યુ રૂા. ૫૬,૦૧,૨૩૬/- મળી કુલ રૂા. ૩૬,૮૨,૨૫,૨૫૫/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૩,૬૮,૨૨૬/- (અંકે રૂા. ત્રણ લાખ અડસઠ હજાર બસો છવ્વીસ પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

પમી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/531/2014/6716.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l, dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits SINTEX INDUSTRIES LIMITED, KALOL to pay consolidated amount of stamp duty of Rs. 1,09,918/- (Rupees One Lac Nine Thousand Nine Hundred Eighteen only) on issue of 16,72,010 Equity shares of the face value of Rs.l/- (includes of Rs.64.74/- Premium per shares total Premium of Rs. 10,82,45,928/-) each and having distinctive number from 36,26,57,594 to 36,43,29,603 to the face value of Rs.l6,72,010/- The total value of Rs.l0,99,17,938/- (in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૩૧-૨૦૧૪-૬૭૧૬.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીસ લીમીટેડ, કલોલના** કુલ ૧૬,૭૨,૦૧૦ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૩૬,૨૬,૫૭,૫૯૪ થી ૩૬,૪૩,૨૯,૬૦૩ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ. ૬૪.૭૪/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમીયમ રૂ. ૧૦,૮૨,૪૫,૯૨૮/-) કુલ ફેસ વેલ્યુ રૂા. ૧૬,૭૨,૦૧૦/- મળી કુલ રૂા. ૧૦,૯૯,૧૭,૯૩૮/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૧,૦૯,૯૧૮/- અંકે રૂા. એક લાખ નવ હજાર નવસો અઢાર પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

પમી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/539/2014/6717.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l, dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits SINTEX INDUSTRIES LIMITED, KALOL to pay consolidated amount of stamp duty of Rs.54,959/- (Rupees Fifty Four Thousand Nine Hundred Fifty Nine only) on issue of 8,36,005 Equity shares of the face value of Rs.l/- (includes of Rs.64.74/- Premium per shares total Premium of Rs.5,41,22,964/-) each and having distinctive number from 36,43,29,604 to 36,51,65,608 to the face value of Rs.8,36,005/- The total value of Rs.5,41,58,968/- (in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૩૯-૨૦૧૪-૬૭૧૭.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીસ લીમીટેડ, કલોલ**ના કુલ ૮,૩૬,૦૦૫ ઈકવીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૩૬,૪૩,૨૯,૬૦૪ થી ૩૬,૫૧,૬૫,૬૦૮ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ. ૬૪.૭૪/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમીયમ રૂ. ૫,૪૧,૨૨,૯૬૪/-) કુલ ફેસ વેલ્યુ રૂા. ૮,૩૬,૦૦૫/- મળી કુલ રૂા. ૫,૪૧,૫૮,૯૬૮/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૫૪,૯૫૯/- અંકે રૂા. ચોપન હજાર નવસો ઓગણસાઠ પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/503/2014/6718.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-l, Dated 28/5/87, The Superintendent of Stamps , Gujarat State, Gandhinagar hereby permits CIMS HOSPITAL PRIVATE LIMITED, AHMEDABAD to pay consolidated amount of stamp duty of Rs.2,17,290/- (Rupees Two Lac Seventeen Thousand Two Hundred Ninety only) on issue of 9,65,732 Equity

shares of the face value of Rs.lO/-(includes of Rs.215/- Premium per shares total Premium of Rs.20,76,32,380/-) each and having distinctive number from 67,71,421 to 77,37,152 to the face value of Rs.96,57,320/- The total value of Rs.21,72,89,700/- (in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૦૩-૨૦૧૪-૬૭૧૮.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-પરચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **સી.આઈ.એમ.એસ. હોસ્પીટલ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદના** કુલ ૯,૬૫,૭૩૨ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૬૭,૭૧,૪૨૧ થી ૭૭,૩૭,૧૫૨ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના (દરેક શેર દીઠ રૂ. ૨૧૫/- પ્રિમિયમ લેખે કુલ પ્રિમીયમ રૂ. ૨૦,૭૬,૩૨,૩૮૦/-) કુલ ફેસ વેલ્યુ રૂા. ૯૬,૫૭,૩૨૦/- મળી કુલ રૂા. ૨૧,૭૨,૮૯,૭૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૨,૧૭,૨૯૦/- અંકે રૂા. બે લાખ સત્તર હજાર બસો નેવું પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

પમી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

OFFICE OF THE SUPERINTENDENT OF STAMPS, GANDHINAGAR

ORDER

GUJARAT STAMP ACT, 1958.

No. STP/INS/Cons/528/2014/6719.- In exercise of the powers conferred by clause (b) of Section 9 of the Gujarat Stamp Act, 1958 (Bom LX of 1958) read with the Government Revenue Department Notification No.GHM-87-93-M-PARACH-1084-477-H-1, dated 28/5/87, The Superintendent of Stamps, Gujarat State, Gandhinagar hereby permits GSPL INDIA GASNET LIMITED, GANDHINAGAR to pay consolidated amount of stamp duty of Rs.2,50,000/- (Rupees Two Lac Fifty Thousand only) on issue of 2,50,00,000 Equity shares of the face value of Rs.10/- each and having distinctive number from 16,20,19,347 to 18,70,19,346 to the face value of Rs.25,00,00,000/- (in physical as well as demat form both inclusive).

5th December, 2014.

(Sd/-) Illegible,
Superintendent of Stamps,
Gujarat State, Gandhinagar.

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર

હુકમ

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : સ્ટેમ્પ-નક્ષણ-કોન્સો-૫૨૮-૨૦૧૪-૬૭૧૯.– સને ૧૯૫૮ના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ (મુંબઈના ૬૦માં) ની કલમ-૯ માં ખંડ (ખ) હેઠળ મહેસુલ વિભાગના તા. ૨૮-૫-૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એમ.-૮૭-૯૩-એમ-૫૨ચ-૧૦૮૪-૪૭૭-હ-૧ થી અપાયેલ સત્તાની રૂએ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **જીએસપીએલ ઈન્ડિયા ગાસનેટ લીમીટેડ**, ગાંધીનગરના કુલ ૨,૫૦,૦૦,૦૦૦ ઈક્વીટી શેરોમાં શેર ડીસ્ટીકટીવ નં. ૧૬,૨૦,૧૯,૩૪૭ થી ૧૮,૭૦,૧૯,૩૪૬ સુધીના પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦/- ની દાર્શનીક કિંમતના કુલ વેલ્યુ રૂા. ૨૫,૦૦,૦૦,૦૦૦/- ઉપર સ્ટેમ્પ લાગત રૂા. ૨,૫૦,૦૦૦/- અંકે રૂા. બે લાખ પચાસ હજાર પુરાની રકમ એક સામટી ભરવાની પરવાનગી આપે છે. (ભૌતિક રૂપે તથા ડિમેટ સ્વરૂપે બંને સહિત).

૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર
તા. ૧-૧૧-૨૦૧૪ થી તા. ૩૦-૧૧-૨૦૧૪ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ ભાગ-૪- ક	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧	૨૧૭	એસઆઈઆરએ-૧૪-૨૦૧૪-૧૧૧-	૨૬-૮-૧૪	ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ગાંધીનગર
૨	૩૦૮	ક્રમાંક :એસવાયએમ-૧૩૧૪-૩(૨)છ- નં.૫૬/સિમ્બોલ / ૨૦૧૪/ પીપીએસ-(II)	૫-૧૧-૧૪	ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા (સા.વ. વિભાગ)
૩	૩૦૯	નોટીફીકેશન નં. ૭ ઓફ ૨૦૧૪- જિલ્લા કોર્ટ-સુરત	,,	ડિસ્ટ્રીક્ટ લિગલ સર્વિસીસ ઓથોરીટી, જિલ્લા કોર્ટ, સુરત
૪	૩૧૦	નોટીફીકેશન નં. ૯ ઓફ ૨૦૧૪- જિલ્લા કોર્ટ-સુરત	,,	,,
૫	૩૧૧	ક્રમાંક : એસવાયએમ-૧૩૧૪-૧૯૨(૨)છ ૫૬/૨૦૧૪(II) / પીપીએસ-(II)	૭-૧૧-૧૪	ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા (સા.વ. વિભાગ)
૬	૩૧૨	રાચઆ-ચટણ-મ.ન.પા.-મતય-૧-પાર્ટ-૩-૧૦૨૦૧૪-ક	,,	રા. ચૂ. આયોગ
૭	૩૧૩	રાચઆ-ચટણ-મતય-ગ્રા.પં.-૨૨(૫) -૧૧૨૦૧૪-ક	૧૧-૧૧-૧૪	રા. ચૂં. આયોગ
૮	૩૧૪	રાચઆ-ચટણ-ન.પા.-મતય-૬(૩)-૧૧૨૦૧૪-ક	,,	,,
૯	૩૧૫	૫-જીડીએ-(૫) ૨૦૧૪-૧૪૩૪	૧૪-૧૧-૧૪	ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરીટી
૧૦	૩૧૬	૫-જીડીએ-(૫) ૨૦૧૪-૧૪૩૭	,,	,,
૧૧	૩૧૭	ડીસી-સીસી ટીવી કેમેરા-વશી ૮૫૦૯ થી ૮૫૩૯-૨૦૧૪	૧૭-૧૧-૧૪	કલેક્ટર અને જિલ્લા મેજી., ગાંધીનગર

પી. જી. શાહ,
ઈન્ચાર્જ વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,
ગાંધીનગર.